RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ માગસર વદ - ૫    મંગળવાર, તા.૦૯-૧૨-૨૦૨૫    અંક : ૨૯૪  વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# અમેરિકા હવે ભારતમાંથી ચોખાની આયાત પર ટેરિફ વધારશે

## ભારતમાંથી ચોખાની આયાત પર નિયંત્રણો કડક બનાવવાનો ડોનાલ્ડ ટ્રમ્પનો સંકેત : વધારાના ટેરિફની પણ ધમકી આપી



વોશિંગ્ટન

અમેરિકાએ ભારે ટેરિફ લાદવાને કારણે ભારત-અમેરિકાના સંબંધો અને વેપાર સંબંધો પહેલાથી જ તણાવપૂર્ણ છે. હવે, ટ્રમ્પે વધુ ટેરિફ લાદવાનો સંકેત આપ્યો છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે ભારત તેના ચોખા અમેરિકામાં વેચી રહ્યું છે. આને રોકવા માટે, ટ્રમ્પે ટેરિફ લાદવાનું સમર્થન કર્યું છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી અમેરિકામાં ચોખાની આયાત પર નિયંત્રણો કડક બનાવવાનો સંકેત આપ્યો છે. એક નિવેદનમાં, ટ્રમ્પે કહ્યું કે ભારતે તેના ચોખા યુએસ બજારમાં વેચવા જોઈએ નહીં. તેમણે કહ્યું, "અમે ખાતરી કરીશું કે આવું ન થાય." ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે મીડિયા સાથે વાત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે વ્હાઈટ હાઉસ ખાતે ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટ અને કૃષિ સેક્રેટરી બ્રુક રોલિન્સ પણ હાજર હતા. બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પે ખેડૂતો માટે ૧૨ બિલિયન ડોલરની ફેડરલ સહાયની પણ જાહેરાત કરી હતી. કેનેડી રાઈસ મિલના માલિક પરિવારના સભ્ય મેરિલ કેનેડી પણ હાજર હતા. મેરિલે કહ્યું કે વિવિધ દેશો અમેરિકામાં તેમના સસ્તા ચોખા વેચી રહ્યા છે, જેના કારણે દેશના ખેડૂતોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આના પર ટ્રમ્પે મેરિલને પૂછ્યું કે કયા દેશો અમેરિકામાં તેમના ચોખા વેચી રહ્યા છે? આના પર મેરિલે કહ્યું, 'ભારત, થાઈલેન્ડ અને ચીન પ્યુઅર્ટો રિકોમાં તેમના ચોખા વેચી રહ્યા છે. પહેલા, પ્યુઅર્ટો રિકો અમેરિકન ચોખા માટેનું સૌથી મોટું બજાર હતું, પરંતુ હવે અમે ઘણા વર્ષોથી પ્યુઅર્ટો રિકોમાં અમારા ચોખા મોકલ્યા નથી.' મેરિલે કહ્યું કે આ ઘણા વર્ષોથી થઈ રહ્યું છે, પરંતુ વર્તમાન વહીવટ હેઠળ તે મોટા પાયે થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ટેરિફ કામ કરી રહ્યા છે, પરંતુ તેમને બમણા કરવાની જરૂર છે.



જાપાનમાં સોમવાર રાતે ધરતી ધણધણી ઊઠી હતી. જાપાન હવામાન વિજ્ઞાન એજન્સીના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૬ માપવામાં આવી હતી. તેની તરત બાદ ઉત્તર-પૂર્વી તટ પર ૩ મીટર સુધીની ઊંચી સુનામી આવવાની ચેતવણી જાહેર કરી છે. પ્રશાસને તટીય વિસ્તારમાં રહેનારા લોકોને તરત ઊંચા સ્થાન પર જવા માટે કહ્યું છે.

# બંગાળમાં બાબરી જેવી મસ્જિદનો પાયો નાખનાર હુમાયુ સાથે ઓવૈસીનો પક્ષ ગઠબંધન નહીં કરે

## બન્ને પક્ષનું જોડાણ રાજનીતિથી સંવેદનશીલ અને વૈચારિકરૂપથી અસંગત હોવાનો મત

નવી દિલ્હી

બાબરી મસ્જિદનો મુદ્દો પુનઃ ચર્ચામાં છે અને આ વખતે બાબરીનો મુદ્દો ઉત્તર પ્રદેશથી નહિ પણ પશ્ચિમ બંગાળથી ચર્ચામાં આવ્યો છે. બંગાળમાં કથીત રીતે બાબરી મસ્જિદનો પાયો નાખનાર TMCના ધારાસભ્ય હુમાયું કબીર મમતાનો સાથે છોડીને એઆઈએમઆઈએમ સાથે આગામી બંગાળની ચૂંટણીમાં ઝંપલાવશે તેવી જાહેરાત કરી હતી. જો કે અસદુદ્દીન ઓવૈસીએ હુમાયું અકબર સાથે ગઠબંધનનો ઈનકાર કરી દીધા છે.

મળતી વિગતો અનુસાર, એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ બંગાળના મુર્શિદાબાદમાં કથિત રીતે બાબરી મસ્જિદનો પાયો નાખનાર હુમાયું અકબર સાથે ગઠબંધનથી ઈનકાર કરી દીધો છે અને આ માટેના પ્રસ્તાવને તેમણે રાજનીતિથી સંવેદનશીલ અને વૈચારિકરૂપથી અસંગત ગણાવ્યો હતો. AIMIMએ આ વાત એવા સમયે કરી છે કે જ્યારે હુમાયું અકબરે એક જાહેર કાર્યક્રમમાં બાબરી મસ્જિદનો પાયો નાખ્યો હતો.

AIMIMના રાષ્ટ્રીય પ્રવક્તા સૈયદ અસીમ વકારે કહ્યું હતું કે હુમાયું કબીરને ભાજપના નેતા શુભેંદૂ અધિકારી તેમજ ભાજપના કેન્દ્રિય નેતૃત્વ સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે હુમાયું અકબરને ભાજપ નેતા અધિકારીના તંત્રાનો જ ભાગ માનવામાં આવે છે અને તે જગજાહેર વાત છે.

આ સાથે તેમણે કહ્યું હતું કે, તેમની પાર્ટી મુસ્લિમોને ઉત્તેજિત કરીને રાજનીતિ કરવામાં વિશ્વાસ નથી રાખતી અને મુસ્લિમ સમુદાય રાષ્ટ્ર નિર્માણમાં વિશ્વાસ રાખે છે, તેને તોડવામાં નહિ. તેઓ દેશને મજબૂત કરનારી તાકાતને સાથે જ ઊભા છે. તેમની પાર્ટી અશાંતિ અને વિભાજન કરનારાઓને વખોડે છે.

# દેશમાં વસ્તી ગણતરીની તૈયારીઓ શરૂ તમામ રાજ્યોને સ્ટાફ નિયુક્ત કરવા આદેશ

## ભારતના રજિસ્ટ્રાર જનરલે એક પરિપત્ર જારી કરીને રાજ્યોને ૧૫ જાન્યુઆરી સુધીમાં વસ્તી ગણતરી કર્મચારીઓની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો

નવી દિલ્હી

દેશમાં વસ્તી ગણતરીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભારતના રજિસ્ટ્રાર જનરલે એક પરિપત્ર જારી કરીને રાજ્યોને વસ્તી ગણતરી કર્મચારીઓની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો છે. પરિપત્ર મુજબ, વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ (RGI) એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં વસ્તી ગણતરી કર્મચારીઓની ભરતી પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે. વસ્તી ગણતરી કર્મચારીઓ મોટા પાયે ડેટા સંગ્રહ પ્રક્રિયા માટે જવાબદાર છે. આ અંગે એક પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. પરિપત્રમાં જણાવાયું છે કે વસ્તી ગણતરી દરમિયાન, માહિતી સંગ્રહનું સંચાલન ગણતરીકારો અને સુપરવાઈઝર દ્વારા કરવામાં આવશે.પરિપત્ર મુજબ, "આશરે ૭૦૦-૮૦૦ લોકોની વસ્તી ગણતરી કરવા માટે એક ગણતરીકારને સોંપવામાં આવશે, અને દરેક છ ગણતરીકાર માટે એક સુપરવાઈઝર સોંપવામાં આવશે. વધુમાં, કોઈપણ કટોકટી માટે ૧૦ ટકા અનામત ગણતરીકાર અને સુપરવાઈઝર હશે." રજિસ્ટ્રાર જનરલે જણાવ્યું હતું કે, ૧૯૯૦ના વસ્તી ગણતરી નિયમોના નિયમ ૩ મુજબ, શિક્ષકો, કારકુનો અથવા રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટના કોઈપણ અધિકારીને ગણતરીકાર તરીકે નિયુક્ત કરી શકાય છે, જ્યારે સુપરવાઈઝર સામાન્ય રીતે ગણતરીકાર કરતાં ઉચ્ચ કક્ષાના અધિકારીઓ હોય છે.

વધુમાં, રાજ્યો વસ્તી ગણતરી અધિકારીઓની પણ નિમણૂક કરશે. જિલ્લાઓમાં, જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા કોઈપણ નિયુક્ત અધિકારીને મુખ્ય વસ્તી ગણતરી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે, જે તેમના અધિકારક્ષેત્રમાં વસ્તી ગણતરી માટે જવાબદાર હશે. તેવી જ રીતે, વિભાગોમાં, વિભાગીય કમિશનર વિભાગીય વસ્તી ગણતરી અધિકારી તરીકે સેવા આપશે. મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં, મ્યુનિસિપલ કમિશનર અને સંસ્થાના વડા વસ્તી ગણતરી અધિકારી અથવા વધારાના મુખ્ય વસ્તી ગણતરી અધિકારી તરીકે સેવા આપશે. ૨૦૨૭ની વસ્તી ગણતરી દરમિયાન, દેશભરમાં અંદાજે ૩.૪ મિલિયન ક્ષેત્ર કાર્યકરો તૈનાત કરવામાં આવશે.

# ઈન્ડિગો વિરૂધ્ધ સરકારની કાર્યવાહી ફલાઈટ સેડ્યુલમાં ૫ ટકાનો કાપ મુક્યો

## ઈન્ડિગો સંકટના પગલે રૂા.૭.૩૦ લાખ ટિકિટ સામે રૂ.૭૪૫ કરોડનું રિફંડ ચૂકવ્યું

નવી દિલ્હી

DGCAએ ઈન્ડિગો એરલાઈનની પાંચ ટકા ફ્લાઈટ્સ પર કાપ મૂકવાનો આદેશ આપ્યો છે. ઈન્ડિગો હાલ દેશભરમાં એક દિવસમાં ૨૨૦૦ ફ્લાઈટ્સ ચલાવે છે. હવે તેમાં ૧૧૦નો ઘટાડો કરાશે. સૂત્રો અનુસાર કઈ ફ્લાઈટ્સ ઓછી કરવામાં આવશે તેની યાદી હજુ તૈયાર કરવામાં આવી રહી છે. સૂત્રો અનુસાર ઈન્ડિગોની જે ફ્લાઈટ્સ પર કાપ મૂકાશે તે સ્લોટ હવે અન્ય એરલાઈન કંપનીને આપવામાં આવશે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્ર સરકાર ઈન્ડિગોની ફ્લાઈટ શેડ્યૂલમાં કાપ મૂકશે. જેથી પરિચાલન સારી રીતે થઈ શકે અને મુસાફરોની પરેશાની ઓછી થાય. વર્તમાનમાં ઈન્ડિગોની ૨૨૦૦ દૈનિક ફ્લાઈટ છે. જે નિશ્ચિત રૂપે ઓછી કરવામાં આવશે.

ભારતની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો છેલ્લા કેટલાક દિવસથી સંકટમાં ફસાઈ છે. જેના કારણે દરરોજ સેંકડો ફ્લાઈટ રદ કરવામાં આવી રહી છે. ભારતના તમામ એરપોર્ટ પર હજારોની સંખ્યામાં મુસાફરોએ રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. એવામાં કેન્દ્ર સરકારે અત્યારે સુધી નોટિસ સિવાય કોઈ મોટી કાર્યવાહી કરી નથી. જોકે હવે મોટા પગલાં લેવાય તેવા સંકેત મળ્યા છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્ર સરકાર ઈન્ડિગોની ફ્લાઈટ શેડ્યૂલમાં કાપ મૂકશે. જેથી પરિચાલન સારી રીતે થઈ શકે અને મુસાફરોની પરેશાની ઓછી થાય. વર્તમાનમાં ઈન્ડિગોની ૨૨૦૦ દૈનિક ફ્લાઈટ છે. જે નિશ્ચિત રૂપે ઓછી કરવામાં આવશે. સરકારનો દાવો છે કે પહેલી ડિસેમ્બરથી આઠ ડિસેમ્બર સુધીમાં ૭ લાખ ૩૦ હજાર ટિકિટ માટે ૭૪૫ કરોડ રૂપિયાનું રિફંડ આપવામાં આવ્યું છે.

# રાજસ્થાનના વિવાદાસ્પદ ધર્માંતરણ વિરોધી કાયદાની માન્યતા પર સુપ્રીમ કોર્ટે સરકાર પાસેથી જવાબ માંગ્યો

જયપુર,

સુપ્રીમ કોર્ટે સોમવારે રાજસ્થાન સરકારને નોટિસ જારી કરીને રાજસ્થાન પ્રોહિબિશન ઓફ અનલોફુલ કન્વર્ઝન ઓફ રિલિજિયન એક્ટ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજી પર જવાબ માંગ્યો.

જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ કરાયેલી અરજીને અન્ય સમાન પેન્ડિંગ કેસ સાથે જોડી દીધી. અરજદારે કાયદાને "અલ્ટ્રા વાયર્સ અને ગેરબંધારણીય" જાહેર કરવાની માંગ કરી છે. કોર્ટે અગાઉ અલગ અલગ સમાન અરજીઓની સુનાવણી શરૂ કરતી વખતે રાજસ્થાન સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને માહિતી આપી કે સુપ્રીમ કોર્ટમાં પહેલાથી જ આવા ઘણા કેસ પેન્ડિંગ છે. કોર્ટે તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા પછી વધુ સુનાવણીની તારીખ નક્કી કરી. રાજસ્થાનનો આ કાયદો છેતરપિંડી, પ્રલોભન અથવા બળજબરી દ્વારા ધર્માંતરણને ગંભીર ગુનો માને છે. કાયદાની મુખ્ય જોગવાઈઓમાં શામેલ છે: સામૂહિક ધર્માંતરણ ૨૦ વર્ષથી આજીવન કેદની સજા છે.,કપટપૂર્ણ ધર્માંતરણ ૭ થી ૧૪ વર્ષની કેદની સજા છે.,સગીર, મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા અપંગ વ્યક્તિનું ધર્માંતરણ કરવા બદલ ૧૦ થી ૨૦ વર્ષની કેદ અને ઓછામાં ઓછા ૧૦ લાખનો દંડ થઈ શકે છે. સપ્ટેમ્બરમાં, સુપ્રીમ કોર્ટની બીજી બેન્ચે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, ઝારખંડ અને કર્ણાટક સહિત અનેક રાજ્યો પાસેથી સમાન ધર્માંતરણ વિરોધી કાયદાઓ અંગે અલગ-અલગ અરજીઓ પર જવાબો માંગ્યા.

# સંરક્ષણ મંત્રીએ શ્યોક ટનલ સહિત રૂ. ૫,૦૦૦ કરોડના ૧૨૫ સરહદી પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા

## આ પ્રોજેક્ટ્સમાં ૨૮ રસ્તા, ૯૩ પુલ અને ચાર અન્ય બાંધકામ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે

શ્રીનગર,

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સાત રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું, જેમાં પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક શ્યોક ટનલનો સમાવેશ થાય છે. આ પહેલીવાર છે જ્યારે આટલી મોટી સંખ્યામાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન પ્રોજેક્ટ્સ એકસાથે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા છે. આમાં ૨૨ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાં જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સાત અને લદ્દાખમાં ૪૧ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

લેહના રિંચેન ઓડિટોરિયમમાં આયોજિત સમારોહમાં સંરક્ષણ મંત્રીએ જે રાજ્યોમાં વર્ચ્યુઅલી પ્રોજેક્ટ્સ સમર્પિત કર્યા તેમાં લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો, તેમજ અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને મિઝોરમનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સમાં ૨૮ રસ્તા, ૯૩ પુલ અને ચાર અન્ય બાંધકામ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ પર ૫,૦૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા છે. ગલવાન યુદ્ધ સ્મારકનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે બીઆરઓએ ટેકનોલોજીકલ નવીનતામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. અદ્યતન એન્જિનિયરિંગ દ્વારા સંચાલિત માળખાગત પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ થઈ રહ્યા છે. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ, મ્ઈ એ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ અને એન્જિનિયર્સ સાથે ભાગીદારીમાં, સ્વદેશી રીતે વિકસિત ક્લાસ-૭૦ મોડ્યુલર પુલોનું નિર્માણ કર્યું છે. તેમણે કહ્યું, "આ પુલો, સંપૂર્ણપણે ભારતમાં ડિઝાઈન અને ઉત્પાદિત, દેશના એન્જિનિયરિંગ સ્વ-નિર્ભરતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે."

એક અધિકારીએ જણાવ્યું હતું કે બીઆરઓએ આ પ્રોજેક્ટ્સ વિવિધ અને પડકારજનક ભૂપ્રદેશમાં પૂર્ણ કર્યા છે. તે ઊંચાઈ, બરફથી ઢંકાયેલા, રણ, પૂરગ્રસ્ત અને ગાઢ જંગલ વિસ્તારોમાં બીઆરઓની અજોડ ક્ષમતાઓનું જીવંત ઉદાહરણ છે.

આ ક્ષમતાઓને માન્યતા આપતા, સરકારે ૨૦૨૫-૨૬ માં રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ માટે બીઆરઓનું બજેટ ૬,૫૦૦ કરોડથી વધારીને ૭,૧૪૬ કરોડ કર્યું છે.

# સાયબર ગુનેગારોના સમગ્ર નેટવર્કને ધરમૂળથી તોડી પાડવા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સનું "ઓપરેશન મ્યૂલ હન્ટ"

**જે નિર્દોષ ખાતાધારકના એકાઉન્ટમાં પૈસા આવી ગયા હોય અને સાઈબર ક્રાઈમમાં કોઈ કનેક્શન ન હોય તેમનું વેરિફિકેશન કરવું, બિનજરૂરી હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવુ: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી**

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે "ઓપરેશન મ્યૂલ હન્ટ" અંગે સમીક્ષા બેઠક યોજાઈ**

ગાંધીનગર,

સાયબર ગુનેગારોના સમગ્ર નેટવર્કને ધરમૂળથી તોડી પાડવા ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા "ઓપરેશન મ્યૂલ હન્ટ" અંતર્ગત ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે "ઓપરેશન મ્યૂલ હન્ટ" અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. રાજ્યના નાગરિકોને સાયબર સિક્યોર રાખવા અને વિવિધ સાયબર ગુનાઓના ડિટેલ એનાલિસિસ આધારે બેંકથી લઈ પોલીસ સ્ટેશન સુધીની તમામ સાયબર ગુના સંબંધિત બાબતો પર ચેકીંગ/ વેરિફિકેશન ડ્રાઇવ યોજી ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા માટે આ બેઠકનું આયોજન કરાયું હતું.

"ઓપરેશન મ્યૂલ હન્ટ" અંતર્ગત ઈન્ટર કો-ઓર્ડિનેશન વધુ મજબૂત કરવા વિડિઓ કોન્ફરન્સ મારફતે યોજાયેલી આ બેઠકમાં સીઆઈડી ક્રાઈમ ડીજીપી, પોલીસ કમિશનરશ્રીઓ, તમામ રેન્જ આઈજીશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રીઓ સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ જોડાયા હતા. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ "ઓપરેશન મ્યૂલ હન્ટ" ડ્રાઇવ અંતર્ગત સાયબર ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેક્શનને વધુ વેગ આપવા અને તમામ એકમો વચ્ચેનું સંકલન મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ બેઠકમાં સ્પષ્ટ સૂચના આપી હતી કે, સાયબર ગુનેગારોને પકડવા માટે વિશેષ ડ્રાઇવ શરૂ કરવામાં આવે. આ ડ્રાઇવનો હેતુ માત્ર નાણાં ટ્રાન્સફર કરનાર બેંકના મ્યૂલ એકાઉન્ટ ઓપરેટર સુધી જ નહીં, પરંતુ આ સમગ્ર નેટવર્કના "આકાઓ" સુધી પહોંચવાનો છે.

આ ડ્રાઇવમાં રાજ્યના તમામ યુનિટ્સ અને તમામ પોલીસ સ્ટેશનોએ સક્રિયપણે જોડાવા આદેશ કરવામાં આવ્યો છે.

આ બેઠક દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા એક મહત્વની બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે પોલીસ કાર્યવાહીમાં કોઈ નિર્દોષ નાગરિકને બિનજરૂરી હેરાનગતિ ન થાય. જે ખાતાધારકનું સાઈબર ક્રાઈમમાં કોઈ કનેક્શન ન હોય, માત્ર ખાતામાં પૈસા આવ્યા હોય, તેમનું યોગ્ય વેરિફિકેશન કરવામાં આવે. નિર્દોષ નાગરિકો સાથો બિનજરૂરી હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા આદેશ આપવામાં આવ્યા છે.

# પાંડેસરામાં લૂમ્સ કારીગરોનો વિરોધ ૫૦થી વધુ કારીગરો CCTVમાં કેદ

**મજૂરીના ભાવવધારાની માગ સાથે કારખાનાઓમાં જઈને સ્વિચ ઓફ કરીને હંગામો મચાવ્યો**

સુરત.

સુરતના પાંડેસરા વિસ્તારમાં કાપડ ઉદ્યોગમાં મજૂરીના ભાવવધારાની માંગણીને લઈને લૂમ્સ કારીગરો દ્વારા જબરદસ્ત વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કારીગરોએ પ્રતિ મીટરે ૫થી ૧૦ પૈસાનો વધારો કરવાની માગ સાથે ૫થી ૭ જેટલા લૂમ્સ કારખાનાઓને બાનમાં લીધા હતા અને કારખાનાઓમાં જઈને ઈલેક્ટ્રિક સ્વિચ ઓફ કરીને હંગામો મચાવ્યો હતો. મળતી માહિતી મુજબ, આ વિરોધમાં લગભગ ૫૦થી વધુ કારીગરો જોડાયા હતા. કાપડના ભાવવધારાની માંગણી સાથે મચાવેલો સમગ્ર હોબાળો કારખાનાઓમાં લાગેલા CCTVમાં કેદ થઈ ગયો હતો. બનાવની જાણ થતાં જ પાંડેસરા પોલીસ તુરંત સ્થળ પર દોડી આવી હતી. પોલીસે હવે CCTV ફૂટેજના આધારે હંગામો મચાવનાર કારીગરોને શોધી કાઢવા માટે સઘન તપાસ શરૂ કરી છે. બીજી તરફ, વીવર્સ એસોસિયેશનની રજૂઆત બાદ પોલીસે વિસ્તારમાં સુરક્ષાના ભાગરૂપે પેટ્રોલિંગ પણ શરૂ કર્યું છે, જેથી અન્ય કારખાનાઓ રાબેતા મુજબ ફરીથી શરૂ થઈ શકે અને કામગીરી સામાન્ય બને તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કારીગરો દ્વારા કરવામાં આવેલો આ તમામ હંગામો સંબંધિત કારખાનાઓમાં લાગેલા CCTV ફૂટેજમાં સંપૂર્ણપણે કેદ થવા પામ્યો છે. ફૂટેજમાં દેખાતા કારીગરોની સંખ્યા અને તેમની આક્રમક પ્રવૃત્તિઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ ઘટનાની જાણ થતાં જ પાંડેસરા પોલીસનો કાફલો તાત્કાલિક બનાવ સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યા બાદ, કારખાના માલિકો અને વીવર્સ એસોસિયેશન સાથે બેઠક યોજી હતી. પોલીસે હવે CCTV ફૂટેજની મદદથી હંગામો કરનાર મુખ્ય કારીગરોને ઓળખી કાઢવા તપાસ શરૂ કરી છે.

# ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

**૧૦ ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે અને ૧૧થી ૨૨ ડિસેમ્બર સુધી લેટ ફી સાથે ફોર્મ ભરી શકાશે**

ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ના વિવિધ પ્રવાહોની પરીક્ષાઓ માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ ૧૦મી ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે અને ૧૧ થી ૨૨ ડિસેમ્બર સુધી લેટ ફી સાથે ફી ભરી શકશે. રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૫ હતી, જેને વધારીને હવે ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ કરવામાં આવી છે. ત્યારબાદ વિદ્યાર્થીઓ ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લેટ ફી સાથે ફોર્મ ભરી શકશે. લેટ ફી ત્રણ તબક્કામાં રાખવામાં આવી છે—૧૧ થી ૧૪ ડિસેમ્બર દરમ્યાન ?૨૫૦, ૧૫ થી ૧૮ ડિસેમ્બર દરમ્યાન ?૩૦૦ અને ૧૯ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન ?૩૫૦ લેટ ફી રહેશે. શાળા કક્ષાએથી વિદ્યાર્થીની માહિતીમાં સુધારો કરવાની સુવિધા ૨૨ ડિસેમ્બર સુધી ઉપલબ્ધ રહેશે અને તેના માટે કોઈ વધારાની ફી ભરવાની નહીં હોય. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપલ એપ્રુવલ પણ ૨૨ ડિસેમ્બર, રાત્રે ૧૨ વાગ્યા સુધી કરી શકાશે. બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ તથા ફી ભરવાની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચવાની સલાહ આપવામાં આવી છે. સાથે જ, વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જોકે લેટ ફીમાંથી કોઈને મુક્તિ આપવામાં આવનાર નથી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ સુધી યોજાશે. આ સાથે જ ગુજકેટ ૨૦૨૬ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે.

# અમદાવાદના સોલા ભાગવત નજીક અજાણ્યો શખસ ક્લોરિન ગેસનો બાટલો ફેંકીને ફરાર

**બે ફાયર જવાનોને ક્લોરિન ગેસની અસર**

અમદાવાદ

અમદાવાદના એસજી હાઈવે પર આવેલા સોલા ભાગવત વિદ્યાપીઠ નજીક માધવ ઔડા ગાર્ડનના ખુલ્લા પ્લોટમાં ક્લોરિન ગેસની બોટલમાંથી લીકેજ થવાના કારણે આસપાસમાં ગેસ ફેલાઈ ગયો હતો. લોકોને શ્વાસ લેવામાં અને આંખ તેમજ ગળામાં બળતરા થવા લાગી હતી. જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી ગેસને ઓછો કરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં કુલ ૬ જેટલા ફાયરકર્મીને અસર થઈ હતી. બે ફાયરકર્મીને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. ક્લોરિન ગેસ લિકેજ ૧૪ કલાકે બંધ થયો હતો અને લોકોને રાહત મળી હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ ૭ ડિસેમ્બરના રોજ સાંજે ૫:૪૦ વાગ્યે ફાયરબ્રિગેડ કંટ્રોલરૂમમાં મેસેજ મળ્યો હતો કે સોલા ભાગવત વિદ્યાપીઠ નજીક ખુલ્લા પ્લોટમાં એક ગેસના બોટલમાંથી લીકેજ થાય છે અને લોકોને આંખોમાં તેમજ ગળામાં બળતરા થઈ રહી છે. જેથી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક અલગ અલગ સાધનો સાથે ઘટનાસ્થળ પર પહોંચી હતી. માધવ ઔડા ગાર્ડનના ખુલ્લા પ્લોટમાં કોઈ અજાણી વ્યક્તિએ ક્લોરિન ગેસની બોટલ નાખી દીધી હતી જેમાંથી ગેસ સતત લીકેજ થઈ રહ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ સૌપ્રથમ આ ગેસના લીકેજને બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો, જોકે તે બંધ થઈ શકે તેવી સ્થિતિ નહોતી. જેથી ફાયરના જવાનોએ સતત પાણીનો મારો ચલાવ્યો હતો. ક્લોરિન ગેસ સતત બહાર આવી હવામાં ફેલાઈ રહ્યો હતો જેથી ફાયરના જવાનો તેના પર પાણી છાંટી રહ્યા હતા. ત્યારે બે ફાયર જવાનોને ક્લોરિન ગેસની અસર થઈ હતી. જેથી તેઓને ત્યાંથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફાયરની બેથી વધુ ટીમો સતત પાણીનો મારો ચલાવી રહી હતી. જોકે ક્લોરિન ગેસ એટલો વિશાળ માત્રામાં બહાર આવી રહ્યો હતો કે ફાયરના જવાનોને પણ તકલીફ પડી રહી હતી, છતાં પણ ફાયરના જવાનોએ કામગીરી ચાલુ રાખી હતી.

# અડાલજ-ખોરજ નજીકની નર્મદા કેનાલમાં વૃદ્ધની મોતની છલાંગ

**ફાયર ટીમે બહાર કાઢી CPR આપી જીવ બચાવ્યો**

ગાંધીનગર,

ગાંધીનગરના અડાલજ-ખોરજ નજીક આવેલી નર્મદા કેનાલમાં અમદાવાદના છારોડી વિસ્તારના એક ૫૪ વર્ષીય વૃદ્ધે અગમ્ય કારણોસર પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે કેનાલના ધસમસતા પ્રવાહમાં તણાઈ રહેલા વૃદ્ધને ગાંધીનગર ફાયર બ્રિગેડના ૧૧ જવાનોની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી બહાર કાઢીને સમયસર ૠઈ આપીને તેમનો જીવ બચાવી લેવાયો હતો. ગાંધીનગરના અડાલજ-ખોરજ નજીક આવેલી નર્મદા કેનાલમાં અમદાવાદના છારોડી વૈષ્ણોદેવી સર્કલ પાસે એક સોસાયટીમા રહેતા ૫૪ વર્ષીય વૃદ્ધે છલાંગ લગાવ્યા બાદ બચવાના નિરર્થક પ્રયાસો શરૂ કર્યા હતા. જોકે તેઓ કિનારા તરફ પહોંચવાને બદલે કેનાલની વચોવચ પહોંચી ગયા હતા અને જીવન-મરણના ઝોલા ખાઈ રહ્યા હતા. દરમિયાન કેનાલમાં કોઈ વ્યક્તિ ડૂબી રહ્યું હોવાનું જોઈને રાહદારીઓ એકઠા થયા હતા અને તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ત્યારે સિનિયર ફાયર ઓફિસરની ગેરહાજરીમાં જ પ્રથમ સરગાસણ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે ઉપરથી શાંત દેખાતી કેનાલના નીચેના પાણીનો પ્રવાહ ખૂબ જ ધસમસતો હોવાથી અને વૃદ્ધ વચોવચ ફસાયેલા હોવાથી વધુ મદદની જરૂર પડી હતી.

# ગુજરાત હોમગાર્ડઝના જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો: વયનિવૃત્તિ ૫૮ વર્ષ કરાઈ

**રાજ્યમાં હોમગાર્ડઝ દળ પોલીસના પૂરક બળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી**

ગાંધીનગર,

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવા અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

રાજ્ય સરકારે મુંબઈ હોમગાર્ડ્ઝ રૂલ્સ, ૧૯૫૩ના નિયમ- ૯ માં આ અંગે સુધારો કરવા નિર્ણય લીધો છે. જેને પરિણામે હવે હોમગાર્ડ્ઝ સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા ૫૫ વર્ષથી વધારીને ૫૮ વર્ષ થશે.

બૃહદ મુંબઈ રાજ્યમાં ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૪૭ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરિક સુરક્ષા માટે હોમગાર્ડ્ઝ દળની રચના કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, રાજ્યમાં આ દળ પોલીસના પૂરક બળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે. હોમગાર્ડ્ઝના જવાનો માનદ સેવા આપીને ચૂંટણી બંદોબસ્ત, ટ્રાફિક ફરજો, રાત્રી પેટ્રોલિંગ, વી.આઈ.પી. બંદોબસ્ત, ધાર્મિક/ મેળા બંદોબસ્ત સહિતની દૈનિક તમામ ફરજો પોલીસ સાથે ખંતપૂર્વક નિભાવે છે. આ નિર્ણયથી હોમગાર્ડ્ઝ સભ્યોમાં રાષ્ટ્ર-સેવા કરવા માટેનો જુસ્સો વધશે, અને તેઓ વધુ ત્રણ વર્ષ માટે પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી શકશે.

આ નિર્ણયથી હોમગાર્ડ્ઝ સભ્યોને વધુ ત્રણ વર્ષ રાષ્ટ્ર અને સમાજની સેવા કરવાનો મોકો મળશે. એટલું જ નહીં, હોમગાર્ડ્ઝના સભ્યો માનદ હોય છે અને તેમના પર કૌટુંબિક જવાબદારીઓ હોય છે. નિવૃત્તિ વયમર્યાદા વધવાથી તેઓ વધુ સારી રીતે પોતાની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ નિભાવી શકશે. હોમગાર્ડ્ઝ સભ્યો ક્ષેત્રીય કક્ષાએ ભૌગોલિક અને સામાજિક રીતે લોકો સાથે જોડાયેલા હોવાથી, તેઓ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની કામગીરી વધુ સારી રીતે પાર પાડવા પોલીસને વધુ મદદ કરી શકશે.

# કલોલના છત્રાલમાં નીકળેલી યાત્રામાં બે મહિલાના ગળામાંથી ૩.૫૦ લાખના બે સોનાનાં ચેઈનની ચીલઝડપ

ગાંધીનગર,

કલોલ તાલુકાના છત્રાલ ગામમાં તાજેતરમાં ત્રિ-દિવસીય રામજી મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને જાણીતા કલાકારોનો લોક ડાયરો પણ યોજાયો હતો. ત્યારે મહોત્સવના ભાગરૂપે નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં ભીડનો લાભ લઈને કોઈ અજાણ્યા ચોર ઈસમે બે મહિલાના ગળામાંથી રૂ. ૩.૫૦ લાખની કિંમતના બે સોનાનાં દોરાની ચિલઝડપ તેમજ અન્ય લોકોના ખિસ્સા કાપ્યા હોવાની પણ ઘટના કલોલ તાલુકા પોલીસ મથકના ચોપડે નોંધવામાં આવી છે. છત્રાલ ભગત નિવાસ સોસાયટીમાં રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધા હસુમતીબેન ગોવિંદભાઈ ધનજીદાસે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૪ ડિસેમ્બરના રોજ સવારે નવેક વાગ્યે ગામમાં શોભાયાત્રા શરૂ થઈ હતી. આશરે ૧૧ વાગ્યાની આસપાસ તેમના ઘર પાસેથી શોભાયાત્રા નીકળી ત્યારે તેઓ પણ તેમાં જોડાયા હતા. આ દરમિયાન આશરે ૧૧.૩૦ વાગ્યે શોભાયાત્રા દુધસાગર ડેરી નજીક આવેલા હરસિદ્ધ માતાના મંદિર પાસે પહોંચી, ત્યારે હસુમતીબેનને ખ્યાલ આવ્યો કે તેમના ગળામાં પહેરેલી બે લાખની કિંમતની આશરે બે તોલાની સોનાની મગમાળા ગાયબ છે. જેથી તેમણે ભીડની વચ્ચે શોધખોળ આદરી હતી. એવામાં તેમને જાણવા મળ્યું હતુ કે, આ જ શોભાયાત્રામાં ગાયત્રી સોસાયટીમાં રહેતા પન્નાબેન અરવિંદભાઈ પટેલના ગળામાંથી પણ દોઢ લાખની કિંમતનો સોનાના દોરાની ચિલઝડપ થઈ છે.

# રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૧,૭૦૦ કરોડથી વધુની ખાદી ઉત્પાદનોનું વેચાણ

**સ્વદેશી અભિયાનમાં વિશેષ સિદ્ધિ હાંસલ કરી**

ગાંધીનગર,

ગાંધીજીના સ્વદેશી અને આત્મનિર્ભરતાના વિચારનું જીવંત સ્વરૂપ એટલે ‘ખાદી’. રાજ્યમાં ખાદીને પ્રોત્સાહન આપવા ગુજરાત રાજ્યની સ્થાપનાથી ‘ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ’ની રચના એક વૈધાનિક બોર્ડ તરીકે કરવામાં આવી હતી. રાજ્યમાં ખાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ દ્વારા છેલ્લા ત્રણ વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૭૦૦ કરોડથી વધુનું વેચાણ કરીને સ્વદેશી અભિયાનમાં વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂ. ૬૮૩ કરોડથી વધુ ખાદી ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવ્યું છે. જે દર્શાવે છે કે, ખાદી ઉત્પાદન પ્રવૃત્તિ ક્ષેત્રે સંકળાયેલા હજારો કાંતનાર-વણનાર કારીગરોને સતત રોજગારી મળી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશભરમાં ’હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી’ અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સમગ્ર દેશમાં ખાદીનું વેચાણ કરનાર રાજ્ય તરીકે અગ્રેસર બની રહ્યું છે. ખાદી બોર્ડ સાથે સંકળાયેલી સંસ્થાઓ દ્વારા ગ્રામીણ કારીગરોને રોજગારી પૂરી પાડીને તેમજ વિરાસતરૂપી આ કળાને જીવંત રાખીને રાજ્યના આર્થિક-સામાજિક વિકાસમાં ખુબ જ મહત્વનું યોગદાન આપવામાં આવી રહ્યું છે.

આજે આધુનિક યુગમાં પણ યુવાઓની પહેલી પસંદ ખાદી રહી છે, ત્યારે ગાંધીજીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન ૧૦ ટકા ઉપરાંત વધારાનું ૨૦ ટકા બજાર પ્રોત્સાહન સંસ્થાઓને આપવામાં આવે છે. આ પ્રોત્સાહન, સંસ્થાએ છૂટક વેચાણ દરમિયાન ગ્રાહકોને આપવાનું હોય છે. જેથી આમ નાગરિકોને ખાદી ઉત્પાદનો મૂળ કિંમત પર ૩૦ ટકાના ડિસ્કાઉન્ટ ભાવે મળે છે. જેના પરિણામે મોટા પ્રમાણમાં નાગરિકો ખાદી ખરીદવા આકર્ષાય છે.

# અમદાવાદમાં સિગારેટ ન આપતા યુવકની છરી મારી હત્યા કરાઈ

**સરખેજની ઘટનામાં સાથળમાં છરી મારતા ઈજાગ્રસ્ત યુવકનું હોસ્પિટલમાં મોત**

અમદાવાદ,

અમદાવાદના સરખેજમાં સામાન્ય બાબતમાં યુવકની હત્યાનો બનાવ બન્યો છે. ગઈકાલે(૭ ડિસેમ્બર) રાત્રે જાવેદ નામનો યુવક એક હોટલ પાસે બેઠો હતો ત્યારે સાજીદ નામના યુવકે તેની પાસે સિગારેટ માંગી હતી. સિગારેટ આપવાની ના પાડતા સાજીદે સાથળના ભાગે છરી મારી દેતા જાવેદને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં તેનું મોત થયું હતું. આ અંગે સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સરખેજમાં રહેતો જાવેદ મહીડા નામનો ૩૨ વર્ષીય યુવક રિક્ષા ચલાવે છે. જાવેદ ગઈકાલે રાત્રે રિક્ષા લઈને ફતેવાડી પાસે આવેલી સવેરા હોટલ પાસે બેઠો હતો. જાવેદ પાસે સાજીદ નામનો શખસ આવ્યો હતો જેને જાવેદ પાસે સિગારેટ માંગી હતી, પરંતુ જાવેદે આપી નહોતી. બાદમાં સાજીદે છરી બતાવતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી વધુ ઉગ્ર થતા સાજીદે છરી વડે જાવેદ પર હુમલો કરી દીધો હતો. સાજીદે જાવેદના સાથળના ભાગે છરી મારી દીધી હતી જેથી જાવેદે બુમાબુમ કરતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. ત્યાં ઉભેલા હનીફે બંનેને છોડાવ્યા હતા. જાવેદે તેના બનેવીને ફોન કરીને ઘટનાની જાણ કરી હતી. જાવેદના બનેવી સ્થળ પર પહોચતા જાવેદ લોહીલુહાણ હાલતમાં હતો.

# વહિવટદારો દ્વારા ૧000 કરોડથી વધારે રૂપિયાની ગેરકાયેદસર ઉઘરાણીનો પર્દાફાશ !

**હપ્તો આપનાર રીક્ષામાં વિશિષ્ટ પ્રકારનું સ્ટીકર લગાવવામાં આવે છે: કોગ્રેસ**

અમદાવાદ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું –“મેં તાજેતરમાં એક સ્ટ્રિંગ ઓપરેશન કર્યું હતું જેમાં રિક્ષાવાળા ભાઈ જોડે સંવાદ કર્યો હતો. તેનો સંપૂર્ણ વિડીયો મારી પાસે છે, પરંતુ સૈદ્ધાંતિક રીતે તે વિડીયો હું રજુ તો કરું છું પણ તેમાં રિક્ષાવાળા ભાઈનો ફેસ બ્લર કરી દેવામાં આવેલ છે.

રાવલે વધુમાં જણાવ્યું હતું કે રિક્ષાવાળા ભાઈએ સ્પષ્ટ રીતે સ્વીકાર્યું હતું કે પોલીસ વહીવટદાર દ્વારા દર મહિને રીક્ષા નો રૂ. ૧,૦૦૦ નો હપ્તો લઈ રહી છે અને વાર્ષિક રૂ. ૧૨,૦૦૦ ગેરકાયદેસર રીતે ચૂકવવામાં આવે છે કારણકે અમદાવાદની અંદર શટલ રીક્ષા ચલાવવાની પરમિશન નથી. અમદાવાદની અંદર કુલ ત્રણ લાખ રીક્ષાઓમાંથી દોઢ લાખ જેટલી રીક્ષા જો શટલ તરીકે ચાલે છે તે મુજબ માત્ર અમદાવાદમાં જ પોલીસ વહીવટદારના માધ્યમથી ૧૮૦ કરોડ રૂપિયાથી વધારે હપ્તાની ઉઘરાણી થાય છે.

હપ્તો આપનાર રીક્ષામાં વિશિષ્ટ પ્રકારનું સ્ટીકર લગાવવામાં આવે છે, જે હપ્તો ભર્યાનું પ્રમાણ ગણાય છે અને એવી રીક્ષાઓને પોઈન્ટ પર રોકાતી નથી. દર મહિને સ્ટીકરની ડિઝાઈન બદલાય છે અને દિવાળી સમયે ખાસ દીવો સ્વરૂપનું સ્ટીકર લગાડવામાં આવે છે.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે જો માત્ર અમદાવાદના વ્યવહારનો અંદાજ ૧૮૦ કરોડ રૂપિયા વાર્ષિક થાય છે તો સમગ્ર ગુજરાતમાં આ ભ્રષ્ટાચારી કૌભાંડ ૧૦૦૦ કરોડ રૂપિયા થી વધુનું હોવાને ઈનકાર કરી શકાય તેમ નથી. એ નિર્વિવાદ છે કે અમદાવાદના રીલીફ રોડ, રતનપોળ, ગાંધીરોડ, કાળુપુર, સ્ટેશન જેવી જગ્યાએ ટેક્સીઓ જવાની ના પાડે છે ત્યારે શેરીંગ રીક્ષા વડે જ સામાન્ય જનતાનું આવાગમન (ટ્રાન્સપોર્ટેશન) સંભવ બને છે. જો આરટીઓના નિયમ મુજબ પેસેન્જર બેસાડવામાં આવે તો રિક્ષામાં પોલીસે (શટલ) શેરિંગ પેસેન્જર તરીકે બેસાડવાની મંજૂરી આપવી જોઈએ જેથી ગરીબ રીક્ષાવાળાઓ પાસેથી હપ્તા ઉઘરાવતું નેટવર્ક તૂટી પડે અને પેસેન્જરોને પણ લાભ મળે.

# પ્રેરણા પ્રવાસ :કચ્છના ૨૧ ગામના અગ્રણીઓએ ધોળકિયા ફાઉન્ડેશનની જળ સંરક્ષણની કામગીરી નિહાળી કચ્છને જળ સમૃદ્ધ બનાવવા પ્રયાસ આદર્યા

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી






ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા દ્વારા ગાગડીયો નદી પર થયેલ જળ સંરક્ષણની કામગીરી સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ બની છે. ઓછામાં ઓછા સંસાધનો વાપરીને કઈ રીતે વધુમાં વધુ જળ સંરક્ષણ થઈ શકે તેના અભ્યાસ માટે તથા પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાનું જળ સંરક્ષણ માટે માર્ગદર્શન તથા સહયોગ મેળવવાના અર્થે કચ્છ જળધારા સેવા સંઘના ૨૧ ગામના કાર્યકર્તા ભાઈઓએ લાઠી લીલીયા તાલુકામા ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા થયેલ જળ સંરક્ષણના કામોની મુલાકાત લીધી હતી. તથા માર્ગદર્શન મેળવ્યું હતું.

કચ્છ જિલ્લાના સરહદી ગામોમાંથી સ્થળાંતર એક મોટો પ્રશ્ન બન્યો છે. ત્યારે એ વિસ્તારમાં વસ્તીને ટકાવી રાખવા માટે તથા રોજગારી, ખેતીની સમૃદ્ધિ અને સરહદી વિસ્તારના લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે એ વિસ્તારમાં જળ સંરક્ષણ પાયાની જરૂરિયાત બની છે. ત્યારે આ કામગીરીમાં ધોળકિયા ફાઉન્ડેશન જોડાઈ તે માટે કચ્છ જલધારા સેવા સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી.

આ તકે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા એ પણ ખાતરી આપી હતી કે રાષ્ટ્ર સેવા માટે આ કાર્યમાં ધોળકિયા ફાઉન્ડેશન તમામ પ્રકારનો સહયોગ પૂરો પાડશે. આ મુલાકાતમાં કેશવલાલ ઠાકરાણી, માકાણીભાઈ, મુકેશભાઈ, ચેતનભાઈ લીંબાણી સહિતના લોકો જોડાયા હતા.

# અમરેલીમાં રાજ્યમંત્રીએ વૃદ્ધ માટે કાફલો રોક્યો: કમીગઢના ૮૦ વર્ષના હરજીબાપા સાથે મુલાકાત કરી

અમરેલી:



રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલી તાલુકાના કમીગઢ ગામમાં વિકાસકાર્યોના ખાતમુહૂર્ત બાદ પરત ફરતી વખતે પોતાનો કાફલો રોક્યો હતો. તેમણે ગામના ૮૦ વર્ષીય વૃદ્ધ હરજીબાપા ફીણવિયા સાથે મુલાકાત કરી હતી.મંત્રીનો કાફલો ગામના પાદરમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક મોટરસાઈકલ ચાલકે હાથ ઊંચો કર્યો હતો. આ જોઈને રાજ્યમંત્રીએ પોતાનો કાફલો થંભાવી દીધો હતો. આ સમયે, મંત્રીના પરિચિત અને ગામના વૃદ્ધ હરજીબાપા ત્યાં ઉપસ્થિત હતા.હરજીબાપા અને રાજ્યમંત્રી કૌશિક વેકરીયા એકબીજાને અગાઉથી ઓળખે છે. બંનેએ આત્મીયતાપૂર્વક વાતચીત કરી અને જૂની યાદો તાજી કરી હતી. વયોવૃદ્ધ હરજીબાપાએ રાજ્યમંત્રીને અમરેલીની જનસુખાકારી માટે સતત કાર્ય કરતા રહેવા બદલ અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

# ખડસલી ગામે વિદ્યાર્થીઓને કહ્યું, મોબાઈલના દુરૂપયોગથી માનસિક તણાવમાં વધારો થાય

સાવરકુંડલા:



લોકશાળા ખડસલી ખાતે આવેલ સંસ્થામાં આજે વીજપડી સીએચસી કેન્દ્રના અધ્યક્ષ ડોક્ટર વિજય શેતાએ વિદ્યાર્થીઓમાં અને લોકોમાં માનસિક તાણ બાબતે દિન પ્રતિદિન વધારો થતો હોય જે બાબતની કેટલીક રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.માનસિક બાબતોથી આવનારા પરિણામોની પણ વાત કરી હતી તેમજ માનસિક રોગ અને માનસિક તાણ કેમ ઊભી થાય છે એને નિવારણ કરવા માટે શું કરવું જોઈએ તે બાબતની રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. ખાસ કરીને વિદ્યાર્થીઓ આ અવસ્થામાં નાજુક સમયમા પસાર થઈ રહ્યો હોય અનેક બાબતની આવનારી માનસિક તાણ દૂર કરવા માટે શું કરવું તે બાબતે પણ સમજણ આપી હતી.સામાન્ય રીતે અનેક બાબતોની ગેર સમજણથી વિદ્યાર્થીઓ શિકાર બનતા હોય છે કોઈનો ભરોસો ક્યારે ખોટો હોય છે જેના કારણે વિદ્યાર્થીઓ ફસાઈ જતા હોય છે. આ ઉપરાંત મોબાઈલના ઉપયોગ કરતા દૂર ઉપયોગથી માનસિક તાણમાં વધારો થતો હોય છે. જેવી બાબતોની સલાહ આપી વિદ્યાર્થીઓના જીવનમાં એક નવી દિશા ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ બાબતોને લોકશાળા ખડસલીના વિદ્યાર્થી ભાઈ બહેનોએ શાંતિપૂર્વક સાંભળી તેમને પણ તેમના જીવનના આવનારા અંધકારમાંથી દૂર થવા માટે અથવા તો મુક્ત થવા માટે યોગ્ય માર્ગદર્શન મળ્યું હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

# દામનગરમાં સફાઈ કામદારોએ શહેરમાં અધિકાર યાત્રા યોજી




લાઠી:

લાઠીના દામનગર શહેરમાં સફાઈ કામદાર યુનિયન દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ બારૈયા તથા સંજયભાઈ બારૈયાના નેતૃત્વમાં અધિકાર યાત્રા યોજી સફાઈ કામદારોનું શોષણ બંધ કરવાની માંગણી કરી હતી. દામનગરમાં સફાઈ કામદારોએ વાલ્મિકી વસાહતમાંથી વિશાળ રેલીનું પ્રસ્થાન કર્યું હતું. જે શહેરના મુખ્ય માર્ગો પર સુત્રોચ્ચાર અને પોસ્ટર બેનર સાથે ફરી હતી. અહીં સફાઈ કામદારોએ સરકારના લેટેસ્ટ પરિપત્ર મુજબ વેતન ચૂકવાની માંગણી કરી હતી. દામનગર નગર પાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસર વી. જે. ડેર અને પાલિકા પ્રમુખ ગોબરભાઈ નારોલાને સફાઈ કામદારોએ આવેદન પત્ર પાઠવ્યું હતું.છેલ્લા ઘણા સમયથી મામુલી વેતન ચુકવણીથી સફાઈ કર્મીઓ પાસે જોખમી કામો કરાવાય રહ્યા હોવાના આક્ષેપ કરાયા હતા. ઉપરાંત સત્તાધીશોની મનમાનીથી પક્ષપાત રીતે રોજમદારો લેવાતા હોવાની પણ ફરિયાદ ઉઠી છે. યાત્રામાં મોટી સંખ્યામાં સફાઈ કામદારો જોડાયા.

# રાજુલામાં પેન્શનર મંડળની કારોબારી બેઠક યોજાઈ



રાજુલા:રાજુલા શહેરમાં નિવૃત્ત પેન્શનર કર્મચારી મંડળની એક વિશેષ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ.ટી. ડેપો સામે આવેલા અખાડા ખાતે યોજાયેલી આ બેઠકમાં મોટી સંખ્યામાં નિવૃત્ત પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન, પેન્શનરોને પડતી વિવિધ સમસ્યાઓ, ઉપલબ્ધ સુવિધાઓ અને પેન્શન સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને, સિનિયર સિટિઝન પેન્શનરોને કોઈ અડચણ ન પડે તે માટે મંડળ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા અંગે વિચારણા કરાઈ. આ નિવૃત્ત પેન્શનર મંડળ દ્વારા આયોજિત આ બીજી કારોબારી બેઠક સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. કાર્યક્રમના અંતે, ઉપસ્થિત તમામ પેન્શનરો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંડળે પેન્શનરોને કોઈ પણ તકલીફ હોય તો સંપર્ક કરવા અપીલ પણ કરી હતી.

# ખાંભામાં ગ્રીન ગ્રુપે ગરમ ધાબળા, જેકેટનું વિતરણ કર્યુ

અમરેલી:

ખાંભા શહેરમાં ગ્રીન ગ્રુપ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદ પરિવારો અને બાળકોને ગરમ ધાબળા, જેકેટ, નાસ્તો અને કરિયાણા કીટનું વિતરણ કરવામાં આવ્યું.



આ વિતરણ કાર્યક્રમ અંતર્ગત શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારો, ફૂટપાથ અને ખુલ્લા મેદાનમાં વસવાટ કરતા લોકોને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. ખાસ કરીને બાળકોને ગરમ કપડાં અને પૌષ્ટિક આહાર મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું.સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય હાડ થીજાવતી ઠંડીથી પીડાતા ગરીબ અને વંચિત પરિવારોને હુંફ અને રાહત પૂરી પાડવાનો છે. આ સામાજિક પહેલ દ્વારા અનેક પરિવારોને શિયાળામાં જીવન ટકાવી રાખવામાં મદદ મળી રહી છે.ગ્રીન ગ્રુપ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે કે, ખાંભા શહેર અને આસપાસના વિસ્તારોમાં જો કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને ગરમ ધાબળા કે કોટની જરૂર હોય, તો તેઓ સંસ્થાનો સંપર્ક કરી શકે છે. સંસ્થાની ઓફિસ ખાંભામાં એસબીઆઈ બેંકની બાજુમાં આવેલી છે.

# જૂનાગઢ જિલ્લામાં રાહત સહાય પેકેજ હેઠળ ૩૪,૩૦૦ ખેડૂતોને કુલ રૂા. ૧૦૭ કરોડની ચૂકવણી

**૩૮,૫૦૦ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળીનું વેચાણ કર્યું : કુલ ૮.૫૦ લાખ કિવન્ટલની ખરીદી**

જૂનાગઢ, રાજયના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ , વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને જિલ્લાના સહ પ્રભારી મંત્રી કૌશિકભાઇ વેકરીયાએ આજે જૂનાગઢ શહેર જિલ્લાના પ્રશ્નો નિવારવા માટે મેયર ધર્મેશભાઇ પોશિયા, કલેકટર અનિલકુમાર રાણાવસિયા સહિતના પદાધિકારી - પદાધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

જૂનાગઢ સર્કિટ હાઉસ ખાતે મળેલી બેઠકમા ઉર્જા રાજયમંત્રીએ મહાનગરપાલિકાના પદાધિકારીઓ સાથે ખાસ મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓ ભાગરૂપે ભાવિકો માટેની વ્યવસ્થા, સુવિધાઓના સંદર્ભમાં પરામર્શ કર્યો હતો.

ઉર્જા રાજયમંત્રીએ મહાશિવરાત્રીના મેળામાં લાખો ભાવિકો પધારતા હોય ત્યારે રસ્તા, પાર્કિંગ સહિતની મૂળભૂત સુવિધાઓ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત ઉર્જા રાજયમંત્રીએ ખાસ જૂનાગઢ જિલ્લામાં મગફળી સહિતની ટેકાના ભાવે થતી ખરીદી અને ખેડૂતો માટેના રાહત પેકેજ સંદર્ભે થયેલી કામગીરીની પણ સમીક્ષા કરી હતી. રાજયમંત્રીશ્રીએ ખાસ ટેકાના ભાવે ખરીદી કેન્દ્રો પર ખેડૂતોને મુશ્કેલીઓ ન પડે તે માટે ખાસ સતત દેખરેખ રાખવા માટે સંબંધિત અધિકારઓને સૂચના આપી હતી. આ સાથે ખેડૂતોને રાહત સહાય પેકેજ હેઠળની ચૂકવણીઓ ઝડપભેર થાય તે માટે પણ માર્ગદર્શન કર્યું હતું.

મહત્વીનું છે કે, જિલ્લામાં કમોસમી વરસાદથી કૃષિ પાકના નુકસાની ૧.૬૦ લાખ અરજીઓ થઇ છે. જે પૈકી ૩૪,૩૦૦ ખેડૂતોને કુલ રૂા. ૧૦૭ કરોડની ચૂકવણી પણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં એપીએમસી સહિતના કુલ ૪૮ સ્થળો પર ટેકાના ભાવે મગફળી સહિતની ખેતપેદાશોની ખરીદી કરવામાં આવી રહી છે. અત્યાસુધીમાં આશરે ૩૮,૫૦૦ જેટલા ખેડૂતો મગફળીનું વેચાણ કરી ચૂકયા છે અને કુલ ૮.૫૦ લાખ કિવન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે.

ઉર્જા રાજય મંત્રી કૌશિકભાઇ વેકરીયાને આગમન વેળાએ મેયર ધર્મેશભાઇ પોશિયા, ડેપ્યુટી મેયર આકાશભાઇ કટારા, શહેર અગ્રણી ગૌરવભાઇ રૂપારેલીયા, શાસક પક્ષના નેતા મનનભાઇ અભાણીએ સ્મૃતિ ચિન્હ અર્પણ કરવાની સાથે સાલ ઓઢાડી ભાવભેર આવકાર્યા હતા.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, કમિશ્નર તેજસ પરમાર અને જિલ્લા પોલીસ વડા સુબાધ ઓડેદરાએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

આ તકે મહાનગરપાલિકાના પદાધિકારીઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી જીગર ભટ્ટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનના નિયામક પી.એ. જાડેજા, ઈન્ચાર્જ પ્રાંત અધિકારી સુશીલ પરમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા હોમગાર્ડ કમાન્ડર અજયસિંહ ગોહિલ સન્માનિત:શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ એનાયત

રાજુલા:

રાજુલા શહેરના હોમગાર્ડ




યુનિટના કમાન્ડર અજયસિંહ બી. ગોહિલને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને જિલ્લા કમાન્ડર રોહિતભાઈ મહેતાના હસ્તે વિશેષ એવોર્ડ એનાયત કરાયો હતો.અજયસિંહ ગોહિલ છેલ્લા ચાર વર્ષથી હોમગાર્ડ કમાન્ડરનો ચાર્જ સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે. આ સમયગાળા દરમિયાન તેમણે ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ઉત્તમ સેવાકાર્ય દ્વારા યુનિટને અનેક વખત ગૌરવ અપાવ્યું છે.ગત વર્ષે અજયસિંહ ગોહિલે પોતાના વિભાગની પીસી લેવલની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરીને કમાન્ડર રેન્ક પ્રાપ્ત કર્યો હતો. હોમગાર્ડ સ્થાપના દિવસના અવસરે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડર રોહિતભાઈ મહેતાએ તેમની સતત ઉત્તમ કામગીરીને બિરદાવી એવોર્ડ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.આ સન્માન મળતા રાજુલા શહેરના વિવિધ સમાજના આગેવાનો, મિત્રાવર્તુળ અને નાગરિકોએ અજયસિંહ ગોહિલને અભિનંદન પાઠવ્યા હતા. તેમની જનસેવામાં સમર્પિત ભાવના અને શિસ્તપૂર્ણ કાર્યશૈલીને સૌએ બિરદાવી હતી.હોમગાર્ડ યુનિટના કમાન્ડર તરીકે અજયસિંહ ગોહિલને મળેલો આ એવોર્ડ માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર રાજુલા હોમગાર્ડ યુનિટ માટે ગર્વની ક્ષણ છે.

# ૯ ડિસેમ્બર, "ભ્રષ્ટાચાર વિરોધી દિવસ": ભ્રષ્ટાચાર નાબુદી થકી જ વિશ્વની આબાદી

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૦૦૫માં આયોજિત કરેલી એક કોન્ફરન્સમાં ૯ ડિસેમ્બરનાં દિવસને "ભ્રષ્ટાચાર વિરોધી દિવસ" તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ભ્રષ્ટાચાર એ એક એવો મુદ્દો છે કે જે વિશ્વના દરેક દેશોને અસર કરે છે. તે નૈતિકતા, અંખડિતતા અને પ્રમાણિકતાનો અભાવ દર્શાવે છે. ભ્રષ્ટાચાર લોકશાહીને નબળી કરે છે, સરકારને અસ્થિર બનાવે છે અને દેશોને આર્થિક ધોરણે પાછળ ધકેલે છે. "ભ્રષ્ટાચાર વિરોધી દિવસ"નું મહત્ત્વ વિશ્વ સ્તરે ભ્રષ્ટાચાર નાબૂદી અંગે જાગરૂકતા ફેલાવવાનો છે. લોકશાહી સંસ્થાઓનો પાયો બચાવવા માટે ભ્રષ્ટાચારને ફેલાતો અટકાવવો ખૂબ જ જરૂરી છે કારણ કે ભ્રષ્ટાચાર કાયદાના શાસનની પ્રક્રિયાઓને વિકૃત કરે છે. ભ્રષ્ટાચાર કેટલીય રીતે દેશના આર્થિક વિકાસને પણ અસર કરે છે.

ભ્રષ્ટાચાર એટલે સામાન્ય રીતે કોઈ વ્યક્તિ દ્વારા થતું ભ્રષ્ટ આચરણ. આ પાછળ કોઈને નુકસાન પહોંચાડવા કરતા પોતાનો સ્વાર્થ સાધવાનો હેતુ રહેલો છે. કદાચ એટલે જ આ પ્રવૃત્તિ વિશ્વ વિખ્યાત બની ગઈ છે. આ પાછળ માણસની એક જ માનસિકતા જવાબદાર બની છે કે, 'હું એકલો કે હું એકલી શું કરી શકું ?', 'બધાં ઘર લઈને બેઠા છે.', 'બધા કરે છે તો હું કેમ ન કરું ?' આ બધી જ વિષયવસ્તુ માણસનાં માનસને અસર કરે છે અને પછીથી કોઈ કોઈની પરવાહ કર્યા વગર લાંચ લે છે અને પોતાનો સ્વાર્થ સર કરે



છે, કેટલાક તો વળી માણસાઈને નેવે મુકીને વિભિન્ન પ્રકારનાં ભ્રષ્ટ આચરણ કરે છે જેથી બીજાને પણ નુકસાન પહોચે છે. ખરેખર તો માણસમાં ભ્રષ્ટાચારની નીવ તે નાનો હોય, બાળક હોય ત્યારે જ નખાઇ જતી હોય છે. જ્યારે પણ બાળક માતા પિતાની કોઈ વાત ન માને તો તેને જાત જાતની લાલચ આપીને પોતાનું ધાર્યું કામ તેની પાસેથી કઢાવવામાં આવે છે. બાળક બરાબર જમશે નહીં તો મોબાઈલમાં વિડીયો જોવાની લાલચ, બરાબર ભણશે નહીં તો નવી બોલપેન કે પેન્સિલની લાલચ, પોતાનું કોઈ કામ બરાબર નહીં કરે તો તેને બહાર ફરવા લઈ જવાની લાલચ. ઘરથી શરુ થયેલી આ પ્રવૃત્તિ પછી સ્કુલમાં, કોલેજમાં અને પછી માણસ કામ ધંધામાં પણ ભ્રષ્ટાચાર કરતાં શીખી જાય છે અને વળી પોતાના બાળકોને પણ આવી જ શિક્ષા આપે છે. જો ઘરમાં જ લાંચ લેવાનાં બીજ રોપાતા હોય એ પણ બાળ અવસ્થામાં જ તો સમગ્ર સમાજનો હિસ્સો એવી વ્યક્તિઓ પાસેથી ભ્રષ્ટાચાર સિવાયની બીજી તો કઈ અપેક્ષા રાખી શકાય ? એવું નથી કે માતા પિતા જાણી જોઈને આવું કરે છે પરંતુ અજાણતા જ એમની કરેલી અમુક નાની નાની ભૂલો ભવિષ્યમાં ખુબ મોટી થઈને સામે આવે છે. વ્યક્તિ પોતે એ સમાજનો જ એક હિસ્સો છે. વ્યક્તિ વ્યક્તિથી જ સમાજ બને છે અથવા એમ કહો કે સમગ્ર સમાજ એ વ્યક્તિઓ થકી જ છે. ફળોની ટોકરીમાં જો એક ફળ ખરાબ થાય, સડી જાય તો તે સીધી કે આડકતરી રીતે બીજા બધા ફળોને નુકસાન કરે જ છે એવી જ રીતે સમાજમાં કોઈ એક વ્યક્તિ ખોટી દિશામાં જશે તો તે સમગ્ર સમાજને નુકસાનકર્તા બનશે. તેથી સૌ એ પોતાની અંગત જવાબદારી સમજીને પોતાના આચરણમાં કોઈ ખોટ આવવા દેવી ન જોઈએ તેમજ ભ્રષ્ટાચાર નાબૂદીની શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ.

# આવો, પક્ષીઓ પાસેથી કશુંક શીખીએ

માણસ ભૂલ્યો છે જીવવાનું ભાન, દિશાવિહીન છે તે ગુમાવી છે શાન, આસપાસ જો મળશે ફૂલ-ઝાડ, વસે છે ત્યાં જ સુખનાં સરનામાં સમા અબોલ જીવોની જાન. માણસનું જીવન અલભ્ય છે. એવું કહેવાય છે કે ૮૪ લાખ જન્મનાં ફેરા ફર્યા બાદ મનુષ્ય જીવન મળે છે, પરંતુ આ અદભુત જીવનનો કેટલા લોકો સારી રીતે ઉપયોગ કરે



છે એ આજનાં સમયનો એક મોટો પ્રશ્નાર્થ છે. માણસ સવારે ઉઠે છે અને રાત્રે મોડે મોડેથી સુવે છે ત્યાં સુધી લઈને એ કેટકેટલું એવું કરે છે જે એને, એનાં શરીરને, એની આત્માને નુકસાનકર્તા બને છે. એક વ્યક્તિ દ્વારા બીજા વ્યક્તિનાં દિલને દુભાવવું, ઘરના સભ્યો સાથે યોગ્ય વ્યવહાર ન કરવો, સહકાર્યાંરીઓ સાથે સુયોગ્ય વ્યવહાર ન કરવો, સતત જંક ફૂડ ખાઈને શરીરને અસ્વસ્થ કરવું વગેરે ન જાણે કેટકેટલી ખરાબ આદતો માણસ સાથે લઈને જીવતો હોય છે. એવું કહીએ કે માણસ કરતાં તો પશુ, પક્ષી અને પ્રાણીઓ સમજદાર છે તેમાં કોઈ નવાઈ નહિ લાગે. આ માટે પક્ષીઓનું જ ઉદાહરણ લઈએ તો તેઓ પણ સ્વસ્થ, આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કેટલાંક નિયમો પાળે છે. તેઓ રાતે ભોજન નથી કરતા ઉપરાંત એ ક્યારેય એકસામટું ખાતા નથી, પોતાનું ભોજન ક્યારેય બદલતા નથી. એમની સામે જેટલા પણ દાણા હશે એ ક્યારેય બધા ખાઈ નહી જાય. એમને જેટલી ભૂખ હશે એટલું જ ખાશે અને ઉડી જશે. પોતાની સાથે પણ કશું જ લઈ નહી જાય. તેઓ જો બીમાર પડશે તો ખાવાનું છોડી દેશે એટલે કે ઉપવાસ કરશે જે પ્રાકૃતિક ચિકિત્સાનું એક સ્વરૂપ છે. તેઓ ઠીક થાય પછી જ ફરીથી ખાવાનું શરુ કરે છે. માણસે પણ આવી જ રીતે 'મિતાહાર' અને જરૂર પડે ત્યારે 'ઉપવાસ'ને અપનાવવો જોઈએ. પ્રાચીન ગ્રંથોમાં પણ તેનો ઉલેખ્ખ છે. પક્ષીઓ રાત્રે પોતાનું ઘર છોડીને ક્યાંય બહાર આટા ફેરા કરવા જતા નથી, પોતાનાં બાળકોને યોગ્ય સમયે યોગ્ય શિક્ષા આપે છે અને યોગ્ય સમય આવ્યે તેમને માળામાંથી ઉડવાની અને ખુલ્લા આકાશમાં વિહરવાની પ્રેરણા પણ આપે છે. તેઓ પોતાના શરીર પાસેથી સતત કામ લે છે અને ફક્ત રાત્રે જ આરામ કરે છે. પરિશ્રમ કરવાથી હ્રદય, કીડની, લીવરની બીમારીઓ થતી નથી. તેઓ પર્યાવરણને અનુકુળ રહે છે, પોતાનું રહેઠાણ પણ પર્યાવરણને અનુકુળ હોય તે રીતે જ બનાવે છે. પ્રકૃતિ પાસેથી એ એટલું જ લે છે જેટલી એમને જરૂર છે, પોતાની માતૃભાષા માટે પ્રેમ અનુભવે છે અને વ્યવહારમાં પણ તે જ ઉપયોગમાં લે છે. આમ આવા જીવો પાસેથી માણસે પણ કશુક શીખવું જોઈએ અને વ્યવહારમાં અપનાવવું જોઈએ.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# પ્રગતિના પંથે નેતૃત્વની કસોટી

વિશ્વના નકશા પર ભારત આજે એક અસાધારણ તેજ સાથે ઉભરી રહ્યું છે. એક અબજથી વધુ નાગરિકોની આ લોકશાહી માત્ર તેની પ્રાચીન સંસ્કૃતિ માટે જ નહીં, પણ અદભુત આર્થિક અને તકનીકી વિકાસ માટે વિશ્વભરમાં ધ્યાન ખેંચી રહી છે. છેલ્લા કેટલાક દાયકામાં, ભારતે માળખાગત ક્ષેત્રોમાં, ડિજિટલ ક્રાંતિમાં અને વિદેશ નીતિમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે, જે દેશને વૈશ્વિક શક્તિના શિખર તરફ ગતિ આપી રહી છે. આ 'સર્વોચ્ચ વિકાસ'ની સફર જટિલ છે, જે રાજકીય પડકારો અને અનંત અવસરોથી ભરપૂર છે.ભારતની વર્તમાન રાજકીય ગતિશીલતા અને તેના અંતર્ગત પડકારોનું તટસ્થ વિશ્લેષણ કરવુ જોઈએ. તેમાં સૌથી પહેલા આવે છે.આર્થિક ઉડાન અને સંતુલનનો પડકાર વર્તમાન રાજકારણની ધરી આર્થિક પ્રગતિ અને રાષ્ટ્રીય વિકાસની મહત્ત્વાકાંક્ષા છે. સરકારની નીતિઓ સ્પષ્ટપણે ભારતને 'વિશ્વગુરુ' તરીકે સ્થાપિત કરવાના ઉદ્દેશ સાથે તૈયાર થઈ રહી છે. મૂડીરોકાણ, ઉત્પાદન અને વૈશ્વિક વેપારમાં ભારતની ભૂમિકા નિર્ણાયક બની છે, જે આવકાર્ય સંકેત છે.

પરંતુ આ આર્થિક ઉડાનની સાથે જ વિકાસની અસમાન વહેંચણીનો પડછાયો પણ ઊંડો થઈ રહ્યો છે. દેશના જુદા જુદા ભૌગોલિક અને સામાજિક વર્ગો વચ્ચે આવક અને તકના મામલે મોટો તફાવત જોવા મળે છે. આ અસમાનતા સ્થાનિક સ્તરે રાજકીય તણાવ અને વિરોધને જન્મ આપે છે. લોકશાહીનો પાયાનો સિદ્ધાંત 'સૌનો સાથ, સૌનો વિકાસ' ત્યાં સુધી મજબૂત ન બની શકે જ્યાં સુધી નીતિઓ સમાજના સૌથી નીચલા સ્તર સુધી પહોંચીને તેમને સમાન તક પૂરી ન પાડે. રાજકીય પક્ષોએ ટૂંકા ગાળાના લાભ માટે ધ્રુવીકરણને બદલે લાંબા ગાળાના સમાવેશી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.આ ઉપરાંત સાંસ્કૃતિક ભાવનાઓ અને નેતૃત્વની કસોટી મુખ્ય છે.ધર્મ અને સાંસ્કૃતિક ઓળખના મુદ્દાઓ ભારતીય રાજકારણમાં હવે સપાટી પર આવી ગયા છે. આ મુદ્દાઓ ભાવનાત્મક રીતે અત્યંત સંવેદનશીલ હોવાથી, તેનો ઉપયોગ રાજકીય લાભ માટે કરવો ખૂબ સરળ બની જાય છે. ઘણીવાર વાટાઘાટ અને સંયમ વિના આ મુદ્દાઓને ઉછાળવામાં આવે છે, જેના પરિણામે સમાજમાં તણાવ અને ધ્રુવીકરણ વધે છે.લોકશાહી માટે, વૈવિધ્ય એ તેની અસાધારણ શક્તિ છે. નેતૃત્વની ખરી કસોટી ત્યારે છે જ્યારે તે વિભિન્નતાઓને એક સૂત્રમાં બાંધીને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવે. નેતાઓએ એ સ્વીકારવું પડશે કે કોઈ પણ એક સમુદાયના હિતોને રાષ્ટ્રીય હિત કરતાં ઉપર મૂકવાથી સમાજની શાંતિ અને લાંબા ગાળાની સ્થિરતા જોખમાય છે. આ સંવેદનશીલ વિષયને શાંતિપૂર્ણ, સમાવેશી અને જવાબદાર રીતે નિભાવવો એ માત્ર રાજકીય જવાબદારી નથી, પણ નૈતિક ફરજ છે.ભારતમાં વૈશ્વિક શક્તિ અને યુવા શક્તિનો ઉદય થયો છે.આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત એક મજબૂત અને સ્વતંત્ર અવાજ બનીને ઉભર્યું છે. સુરક્ષા, વેપાર અને ટેક્નોલોજી ક્ષેત્રે વૈશ્વિક શક્તિઓ સાથેના ભારતના સંબંધો વધુ સક્રિય અને વ્યાપક બન્યા છે. ભારતની આ વધતી વૈશ્વિક ભૂમિકા ગર્વની વાત છે, જોકે આંતરરાષ્ટ્રીય વ્યૂહરચનાઓનો પડઘો આંતરિક નીતિઓ પર પણ પડે છે, જ્યાં સ્વદેશી હિતોની સુરક્ષા અને આર્થિક સહકારનું સંતુલન જાળવવું પડે છે.સૌથી મહત્વનો ફેરફાર યુવા પેઢી અને શિક્ષિત નાગરિકોમાં જોવા મળે છે. તેઓ વધુ જાગૃત છે અને રાજકીય પ્રક્રિયામાં સકારાત્મક સહયોગ આપવા તૈયાર છે. તેઓ જૂના રૂઢિવાદી પ્રત્યાઘાતોને અવગણીને, વિજ્ઞાન અને તર્ક આધારિત શાસનની અપેક્ષા રાખે છે. આ યુવા શક્તિની માંગ સ્પષ્ટ છેઃ સત્તા વધુ પારદર્શક, જવાબદેહ અને નાગરિકો પ્રત્યે સંવેદનશીલ હોવી જોઈએ. આ પેઢી લોકશાહીમાં માત્ર ટીકાકાર નહીં, પણ હકારાત્મક પરિવર્તનનો વાહક બનવા માંગે છે.

# માણસે ગુમાવ્યાં : સત્યમ્, શિવમ્ અને સુંદરમ્

**પ્રકૃતિ એ જ પરમેશ્વરની ઉપાસના કરતો એક યુવાન રજાનો દિવસ પ્રાકૃત સ્થળે વિતાવીને માનવજાતે પ્રકૃતિ સાથેનો નાતો તોડ્યો તેનું ચિંતન કરે છે, તેમાં માણસે સત્યમ્ શિવમ્ અને સુંદરમ્ કેમ ગુમાવ્યાં તે રજૂ થયું.**







### અલપ ઝલપ
-ડો. મનહર ઠાકર

જલધિજલરાજ જેના પાદ પ્રક્ષાલતો એવા ભગવાન મહાદેવના ઓટલે ખારા પાણીનાં મોજાં કિનારા સુધી આવે છે, પટકાય છે અને શાન્ત થઈ જાય છે ને પાછળ રહી જય છે સફેદ ફીણ. ' ભરતી પછીની ઓટથી સાગર ઘણો પછડાય છે, ચડતી પછી પડતી એ વાત ત્યાં પડઘાય છે. ' ઉન્નત સ્થિતિ પામ્યા પછી તૂટીને ભોંય પટકાવું એ જ જીવનની નિયતિ છે.

તૂટીને વેરાઈ-વિખરાઈ ગયેલાં મોજાંના નિસાસા સાંભળવા માણસના કાન અસમર્થ છે. દિનભર મોજાંની અકળ લીલા જોતો સૂરજ પણ ભગવાન શિવને નમસ્કાર કરી અસ્તાચળે જવાની તૈયારી કરી રહ્યો છે.

ઉદભવતાં અને લય પામતાં મોજાંની લીલા નીરખી રહેલા રમણને ભીતરની શાન્તિ અને મગ્નતામાં ભંગ ન પડયો. ભગવાન શંકરની સમીપે બેસીને તેણે મૌન રહી કુદરતની આ અદમ્ય લીલાનો અનુભવ કર્યો.

સૌથી મોટી વસ્તુ તો છે તેની પ્રકૃતિ વિશેની ઉદાત્ત ભાવના. જે તે નિમિત્તે રજા વખતે તેની ભાવના અહી આવીને પ્રકૃતિની અનુભૂતિ વિશે ઉદાત્ત હોય છે. હોળી હોય કે મહાશિવરાત્રી ,જન્માષ્ટમી કે રામનવમી ,મહાવીર જયંતી હોય કે રોજા, ગણેશ ચતુર્થી હોય કે નાનક જયંતી, ઈદ હોય કે ઈસામસીહનો કે જરથુષ્ટ્રનો જન્મદિવસ, બુદ્ધપૂર્ણિમા હોય કે ચેટીચાંદ તેને મન તો બધા જ તહેવારો સાથે જોડાયેલી વિભૂતિઓ વંદનીય ખરી પણ તેની આસ્થા તો આ સાગર તટે જ સ્થિર થતી. લોકો માને છે કે, જે ધાર્મિક તહેવાર નિમિત્તે રજા મળી હોય તે દેવ, સ્થળ કે વિભૂતિના સ્મૃતિમંદિરનાં દર્શન કરવાં જ જોઈએ પણ રમણને તો આ સાગર તટે જ પ્રકૃતિનું સ્મૃતિમંદિર સાક્ષાત્ અનુભૂતિ કરાવતું હતું.

રમણે મનોમન વિચારવા માંડ્યું , ' સર્જનહારે માણસને અખૂટ પ્રકૃતિ વૈભવ આપ્યો છે. તેના પરથી પરમશક્તિનો સંદેશો મળે છે. છતાં માણસે પ્રકૃતિને વેડફી છે, તેનું નિકંદન કાઢી નાખ્યું છે. માનવજા રિસોર્ટ પર કેન્દ્રિત થઈ રહી છે ગિરિમથકોને ભાંગીને પ્રકૃતિના પ્રાણ હરી લેવાના પ્રયત્નો શરૂ કરી દીધા છે. પ્રકૃતિ અને સંસ્કૃતિની જાળવણી તથા જતન અને સંસ્કાર વારસાને ભૂંસવાની ભાંજગડ કાળા માથાના માણસે આદરી દીધી છે. માણસે કુદરત સાથેનો નાતો કાપી નાખ્યો છે, માટે કુદરત પણ માણસ સાથેનો નાતો કાપી રહી છે. પર્વતોની સુંદર ટેકરીઓ પરથી પરમશક્તિની દિવ્યતા ને ભવ્યતાનો સંદેશો પ્રદાન કરતાં સ્થળોનાં વૃક્ષોનું નિકંદન કાઢી માણસની કમાઉ દૃષ્ટિ ફ્લેટ્સ, એપાર્ટમેન્ટ્સ, રિસોર્ટ્સ અને બંગલા બનાવવા પર કેન્દ્રિત થઈ રહી છે. ગિરિમથકો કે પ્રાકૃતિક સૌંદર્યનાં સ્થાનો માણસોને મન મનોરંજન માટેનાં વિહારધામો બની રહ્યાં છે.'

એક રજાના દિવસે રમણ પોતાના કર્મ પ્રમાણે પરોઢિયે પ્રકૃતિ દર્શન માટે પહોંચે છે. પ્રકૃતિના પાથરણે આ પરોઢનો સમય એટલે પરમશક્તિનો સજીવ સૃષ્ટિને પ્રાતઃ ચેતનાનો સંચાર કરવાનો સમય ! આવા પ્રાકૃત સ્થળે કુદરત સાથેનો નાતો પુનઃ સ્થાપવાનો આનંદ કંઈક જુદો જ હોય છે. કુદરત પણ માણસ સાથેનો નાતો જોડીને પુલકિત થાય છે ! પર્વતોની સુંદર ટેકરીઓની દિવ્યતા ને ભવ્યતા, વૃક્ષોની અદમ્ય હરિયાળી, મુખરિત પુષ્પમંડળો, પવનની લહેરખીઓ, પક્ષીઓનાં પીંછાંની સૌંદર્ય સભર ગોઠવણી, પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં રૂડાં ગાન, વહેલી પરોઢના ઝાંખા અંધકારમાં આકાશનાં ટમટમતાં તારલાંઓ, અનાહત નાદે વહેતાં ઝરણાંઓની પ્રકૃતિનો પમરાટ કેવો ચેતના સભર છે !

એક તરફ સુંદર સૂર્યોદય થયો છે. બીજી તરફ ગામડેથી ઢોરઢાંખર ચરાવવા માટે આવેલાં મેલાં- ઘેલાં લૂગડે કુદરતનો ખોળો ખૂંદતા માલધારીઓ છે. વહેલી સવારે આ બધાં દર્શનથી ધન્ય બની જવાય છે. રમણ સાગર તરફ અનિમેષ નયને તાકી રહે છે. ભરતીનાં મોજાં શરૂ થયાં છે. યથાસમયે વળી પાછાં ઓટનાં મોજાં શરૂ થશે... માનવજીવનની જેમ !

અહીં મુક્ત વાયુનો વીંઝણો વાય છે. ' આભના થાંભલા રોજ ઊભા રહે, વાયુનો વીંઝણો રોજ વાયે,ભાગતી ભાગતી પડી જતી પડી જતી, રાત નવ સૂર્યને હાથ આવે, કર્મવાદી બધાં કર્મ કરતાં રહે, એમને ઊંઘવું કેમ ફાવે ! ' પ્રકૃતિનાં તત્ત્વો નિયમિત, ચોકસાઈથી પ્રામાણિકપણે કાર્ય કરે છે. આ સત્ય વિશે રમણનું ચિંતન સતત ચાલતું રહે છે. એટલે જ તેને પ્રકૃતિનાં સૌંદર્ય પ્રત્યે અહોભાવ જાગે છે ત્યારે પ્રકૃતિનું કલ્યાણકારી સ્વરૂપ - શિવમ્ પણ અનુભવાય છે.આ રીતે રમણ સ્વાન્તઃ સુખાય, પ્રકૃતિ એ જ પરમેશ્વરની ઉપાસના કરે છે. તે સમગ્ર માનવજાત અને પ્રકૃતિના પરસ્પર સંબંધ વિશે ઘણું બધું ચિંતન કરતો રહે છે. કેટલીકવાર તો તેને સમગ્ર માનવજાત પર નફરત આવી જાય છે. કારણકે માણસે પોતાના નિજી સ્વાર્થ માટે પ્રકૃતિનાં તત્ત્વોને એટલી હદે જોખમ્યાં છે કે સમગ્ર માનવજાત સામે ખતરો ઊભો થયો છે. પર્યાવરણને ખતમ કરનારાં પ્રદૂષણો માનવનું જ સર્જન છે. જે પ્રદૂષણો પ્રકૃતિનાં ઉમદાં મૂલ્યો સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ નો ભોગ લે છે.

# ફિટનેસ અંગેની મૂંઝવણ દૂર કરો

### વિશેષ

સંપૂર્ણત : ફેટફ્રી ડાયટ લેવું લગભગ મુશ્કેલ છે. જોકે ફેટ એવી કોઈ ખરાબ વસ્તુ પણ નથી કે તેને આહારમાંથી દૂર કરી દેવામાં આવે. જો આપણે એક્ટિવ રહીને એક સારું જીવન જીવીએ અને નિયમિત કસરત કરીએ, તો ફેટથી ગભરાવાની કોઈ જરૂર નથી.

સૌથી પહેલાં તો એ વાત જાણી લો કે ફેટ આપણા ખોરાકનો એક મહત્ત્વનો ભાગ છે. એક રીતે જોઈએ તો ફેટ થવાનું કારણ ઘણાખરા અંશે આપણી રસોઈ બનાવવાની પદ્ધતિ પર આધારિત હોય છે.

રસોઈ બનાવતી વખતે આપણે રસોઈમાં ફેટનું પ્રમાણ ઓછું કરી શકીએ છીએ. રસોઈ બનાવતી વખતે તેલનો ઉપયોગ ઓછામાં ઓછો કરવો. ભોજનની સોડમ કે સ્વાદ માટે ખોરાક ખાવાના બદલે તેની પૌષ્ટિકતા પર ધ્યાન આપવું જોઈએ. આના માટે ખોરાકને તળવાના બદલે શેકીને અથવા બાફીને પણ બનાવી શકાય છે.

બીજું, ફેટ આપણા શરીરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એક રીતે જોઈએ તો આપણને તેની જરૂર પણ છે. વાસ્તવમાં દ્રાવ્ય વિટામિન્સ જેવાં કે - વિટામિન એ, ડી, કે ને આપણે ફક્ત ફેટ દ્વારા જ આપણા શરીરમાં લઈએ છીએ. હોર્મોન્સને નિયંત્રિત કરવા માટે પણ શરીરમાં ફેટની જરૂર હોય છે.ત્રીજી વાત એ કે મહત્ત્વના ફેટી એસિડ પણ આપણને ખોરાકમાંથી જ મળે છે. આપણું શરીર તેને નથી બનાવતું. તમે તેને અળસીના બીનું તેલ, સિંગતેલ, તલ, દૂધીનાં બી, બદામ, જેતૂનનું તેલ વગેરેમાંથી મેળવી શકો છો.ફક્ત ફેટ-ફ્રી ડાયટ વિશે વિચારતાં પહેલાં મહત્ત્વનું એ છે કે તમે સારી ફેટ અને તેના યોગ્ય પ્રમાણને તમારા ભોજનમાં સામેલ કરવાનું વિચારો, ફેટફ્રી ખોરાકમાં ફક્ત ફળ અને શાકભાજી જ હોય છે. એવું નથી કે ફેટ ન વધે તેનું ધ્યાન રાખવાથી વજન વધશે નહીં. ખોરાકમાં બ્રેડ, ભાત, દાળ વગેરે વધારે પ્રમાણમાં ખાવાથી તમારું વજન વધી શકે છે.

૭ મહિનામાં મેં મારું ૯ કિલોગ્રામ વજન ઘટાડયું છે. પરિણામે મને ખૂબ હળવાશ લાગે છે. મેં ૮૨.૫ કિલોગ્રામથી વજન ઘટાડવાનું શરૂ કર્યું અને હવે મારું વજન ૭૩.૫ કિલોગ્રામ છે. હવે મારે મારું લક્ષ ૭૧ કિલોગ્રામ કરવાનું છે અને મને વિશ્વાસ છે કે હું મારા આ લક્ષને પણ હાંસલ કરી લઈશ. મારે એ જાણવું છે કે ભવિષ્યમાં હું મારું વજન નિયંત્રણમાં કેવી રીતે રાખી શકું, કારણ કે હું જાણું છું કે વજન ઘટાડવાથી મારા શરીરની ૭૫ ટકા બીમારીઓ દૂર થઈ ગઈ છે.

તમે તમારું વજન આટલું ઘટાડયું તે ખૂબ જ સારી વાત છે. હકીકતમાં તો કસરત અને યોગ્ય ખોરાક તમારા શરીરને સામાન્ય રીતે કાર્ય કરવા માટે મદદરૂપ થાય છે. આ રીતે પોતાને ચુસ્ત અને તંદુરસ્ત રાખવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.ખોરાકને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરીને ફિટનેસને કઈ રીતે જાળવી શકાય છે?

તમારા ભોજનમાં કાર્બોહાઈડ્રેટ્સની સાથેસાથે પ્રોટીન પણ લો. તમે બ્રેકફાસ્ટમાં ૨ બ્રેડ સ્લાઈસની સાથે ૩ ઈંડાની વાઈટ આમલેટ લઈ શકો છો. જો તમે શાકાહારી હો, તો મલાઈ વગરના દૂધમાં વાઈટ ઓટ્સ લઈ શકો છો. તેમાં તમે સફરજન અને એક ચપટી તજ પણ નાખી શકો છો. રાંધેલા ન હોય તેવા ઓટ્સનું પ્રમાણ એક મુઠ્ઠી જેટલું રાખવું. એ પછી સ્નેક્સમાં ફળ કે સ્પાઉટ્સ પણ લઈ શકો છો. જમવામાં દાળ, શાક, સેલડ, દહીં વગેરે નિયમિત લેવું જોઈએ. જમવામાં ભાત પણ લઈ શકાય છે, પરંતુ ભાતનું પ્રમાણ ૮ મોટા ચમચાથી વધારે હોવું જોઈએ નહીં.

ખોરાકમાં ભાતના વિકલ્પ રૂપે તમે ૨ મધ્યમ આકારની રોટલી પણ લઈ શકો છો. આ જ પ્રમાણેનો ખોરાક રાત્રે ભોજનમાં પણ લેવો જોઈએ, પણ એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે રાતનું ભોજન સૂવાના સમય કરતાં ૧-૨ કલાક પહેલાં લેવું જોઈએ. સાંજે નાસ્તામાં તમે સ્નેક્સની સાથે ૧ ગ્લાસ કોલ્ડ કોફી અને ૧ સેન્ડવિચ લઈ શકો છો.જો તમે માંસાહારી હો, તો તમે ૧ ઈંડાના સફેદ ભાગની સાથે એગ સેન્ડવિચ અથવા ૨ વેજિટેબલ સેન્ડવિચને પણ ખોરાકમાં સામેલ કરી શકો છો.

હું મારું વજન ઘટાડવા માટે ફેટ ઘટાડવા માગું છું. કોઈ ઉપાય જણાવો?ફેટ બર્નથી ફેટ ઘટાડવી યોગ્ય નથી, આવું કરવું નુકસાનકારક હોય છે. હા, એક વાત સાચી છે કે આનાથી તમને ઝડપી રિઝલ્ટ મળે છે એટલે કે તમારી ફેટ પણ ઘટી જાય છે, પરંતુ આ બધી વસ્તુઓની સાઈડ ઈફેક્ટ્સ પણ હોય છે. આમ પણ ફેટ બર્નર્સ હાલમાં જ બજારમાં આવ્યા છે, એટલે હકીકતમાં તો કોઈ જાણતું જ નથી કે તે કેટલી હદ સુધી નુકસાનકારક થઈ શકે છે.

એક વાત એ પણ છે કે જેવા તમે તેને (વેટ બર્નર્સ) ખાવાનું બંધ કરશો કે તરત તમારું વજન પહેલાં જેટલું જ વધી જશે, જેટલું તે આ વેટ બર્નર્સની મદદથી ઘટાડયું હતું. એટલા માટે જ તેનો ઉપયોગ કરવો યોગ્ય નથી.

શું તમે દરરોજ શક્તિ મેળવવા માટે ગ્લુકોઝ લો છો? ના, કારણ કે તમે શક્તિ મેળવવા માટે ખોરાક લો છો, તો એ જ રીતે તમારે રોજ એક્સર્સાઈઝ પણ કરવી જોઈએ અને વજન ઘટાડવા માટે તમે કેવા પ્રકારનું ભોજન લો છો તેનું પણ ધ્યાન રાખો.કસરત, બેડમિંટન, ટેબલ ટેનિસ અથવા ક્રિકેટ વગેરેને તમારી ઈચ્છા પ્રમાણે તમારો રોજિંદો ક્રમ બનાવો. અઠવાડિયામાં ૨ વખત યોગાસન કરવાની સાથેસાથે અઠવાડિયામાં ૨ વખત વોક પર પણ જાઓ. ૬ દિવસના વર્કઆઉટ પછી તમે ટેવાઈ જશો અને જ્યારે પ્રમાણસર ભોજનમાં ઓછી કેલરી લેશો અને એક્સર્સાઈઝ કરવાથી કેલરી બર્ન થશે તો વજન આપમેળે જ ઘટવા લાગશે.હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહી છું, પણ વાંચતી વખતે મને ઘણીવાર ઊંઘ આવી જાય છે, ખાસ કરીને જમ્યા પછી. તો મારે કેવો ખોરાક લેવો જોઈએ જેથી વાંચતી વખતે મને ઊંઘ આવે નહીં.

# રાષ્ટ્રની લોકશાહીને ખતમ કરવાનું ભયાનક ષડયંત્ર

## 'ભૂતિયા મતદાતા'નો ભયાવહ ખેલ પશ્ચિમ બંગાળમાં દાયકાઓથી ચાલી રહ્યો છે જેને ચૂંટણી પંચે પકડી પાડતા સનસનાટી મચી ગઈ છે

ભારતની લોકશાહી તેના પાયામાં સમાયેલી પવિત્રતા અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા પર ટકેલી છે. પરંતુ, પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં સામે આવેલો 'ઘોસ્ટ વોટર્સ' અથવા 'ભૂતિયા મતદાતા'નો પ્રકરણ એ આપણા સમગ્ર તંત્ર માટે એક સળગતો સવાલ છે. આ ઘટના માત્ર મતદાર યાદીમાં ગેરરીતિ પૂરતી સીમિત નથી, પરંતુ તે ચૂંટણી પ્રક્રિયાના મૂળભૂત વિશ્વાસને હચમચાવી દેનારી છે. 'ભૂતિયા મતદાતા' એટલે એવા વ્યક્તિઓ, જેઓ શારીરિક રીતે હયાત નથી, તેમ છતાં તેમના નામ મતદાર યાદીમાં જીવંત રહે છે અને આ નામો પર અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ગુપ્ત રીતે મત નાખવામાં આવે છે. આ એક એવું ષડયંત્ર છે, જે લોકશાહીના પવિત્ર મંચ પર છૂપી રીતે ખેલવામાં આવે છે, જ્યાં મૃત વ્યક્તિનો મત પણ સત્તાના સમીકરણો બદલવાની ક્ષમતા ધરાવે છે.

આ સમગ્ર પ્રકરણની શરૂઆત 'સિસ્ટમેટિક ઈલેક્ટોરલ રોલ રિફાઈનમેન્ટ' (SIR) પ્રક્રિયા દરમિયાન થયેલા એક ચોંકાવનારા ખુલાસાથી થઈ હતી. એવા દાવા કરવામાં આવ્યા કે રાજયના ૨,૨૦૮ જેટલા સંવેદનશીલ મતદાન મથકો (બૂથો) પર છેલ્લા વીસ વર્ષના લાંબા ગાળામાં એક પણ મતદાતાનું મૃત્યુ થયું નથી. આ આંકડો સાંભળીને કોઈપણ વ્યક્તિ સ્તબ્ધ થઈ જાય. તાર્કિક રીતે, વીસ વર્ષમાં હજારો મતદારો ધરાવતા ૨,૨૦૮ બૂથ પર શૂન્ય મૃત્યુદરનો દાવો કરવો એ માત્ર હાસ્યાસ્પદ જ નહીં, પણ એક સુનિયોજિત ફરજીવાડા તરફ સ્પષ્ટ ઈશારો કરનારો હતો. મૃત્યુ એ એક કુદરતી અને અનિવાર્ય પ્રક્રિયા છે. આંકડાકીય રીતે અસંભવ એવો આ દાવો ભારતીય લોકશાહીના ઈતિહાસમાં નોંધાયેલ સૌથી મોટા કૌભાંડોમાંનો એક સાબિત થવાની તૈયારીમાં હતો.

૨,૨૦૮ બૂથનો કથાગ્રંથઃ કેવી રીતે તૂટ્યો વીસ વર્ષ જૂઠાણાંનો પત્તાનો મહેલ તે પણ એક આશ્ચર્યજનક ઘટના છે.

આ 'શૂન્ય મૃત્યુ'ના દાવા પાછળનું સત્ય એટલું જ ઘૃણાસ્પદ હતું, જેટલું તે ભ્રામક હતું. આ ભૂતિયા મતદાતાઓનો ખેલ એ રીતે રમાય છે કે સ્થાનિક સ્તરે મતદાર યાદીની જાળવણી કરનારા તંત્ર દ્વારા જાણી જોઈને મૃત્યુ પામેલા લોકોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવતા નથી. આ મૃત નામોનો ઉપયોગ રાજકીય લાભ મેળવવા માટે કરવામાં આવે છે. દરેક ભૂતિયો મત, ચૂંટણીના પરિણામો પર પોતાનો ભાર મૂકે છે અને જીત-હારના અંતરને કૃત્રિમ રીતે વધારી કે ઘટાડી શકે છે. આ પ્રકારનો ફરજીવાડો લોકશાહીના પરિણામોને સીધી રીતે વિકૃત કરે છે.

પરંતુ, આ વીસ વર્ષ જૂના જૂઠાણાંનો પુલિંદો એક ક્ષણમાં તૂટી પડ્યો. SIR જેવી સુવ્યવસ્થિત અને ટેક્નોલોજી-આધારિત પ્રણાલીએ જ્યારે આંકડાઓની વાસ્તવિકતા સામે ધરી, ત્યારે જવાબદારીમાંથી છટકવું શક્ય નહોતું. જ્યારે ભારતના ચૂંટણી પંચે આ મુદ્દે વિગતવાર અને સચોટ અહેવાલ માત્ર ૨૪ કલાકની સમયમર્યાદામાં માગ્યો, ત્યારે સ્થાનિક તંત્રના પગ નીચેથી જમીન સરકી ગઈ. જે અધિકારીઓ અને કર્મચારીઓ વીસ વર્ષથી 'શૂન્ય મૃત્યુ'ના આંકડા પર મહોર લગાવી રહ્યા હતા, તેમને સત્યનો સામનો કરવો પડ્યો. તત્કાળમાં સુધારેલા આંકડાઓ સાથે જે રિપોર્ટ રજૂ થયો, તેણે અગાઉના તમામ દાવાઓને તુચ્છ સાબિત કરી દીધા. માત્ર ૨૪ કલાકના સમયગાળામાં આંકડાઓનું પલટાઈ જવું એ સ્પષ્ટ દર્શાવે છે કે આ ભૂતિયા મતદાતાઓનો ખેલ માત્ર

### આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

બેદરકારીનું પરિણામ નહોતો, પરંતુ એક મોટો અને વ્યવસ્થિત રીતે ચાલતો ફરજીવાડો હતો. આ ઘટના એવા તમામ 'SIR વિરોધી' લોકોને આરીસો બતાવે છે, જેઓ મતદાર યાદીના શુદ્ધિકરણના પ્રયાસો સામે સવાલો ઉઠાવે છે.

ચૂંટણી પંચની સખ્તાઈ ને કારણે આખું કૌભાંડ બહાર આવ્યું છે

મતદાર યાદીનું શુદ્ધિકરણ અને ભાવિની દિશામાં હવે મહત્વપૂર્ણ કાર્ય હાથ ધરવામાં આવી રહી છે.

આ ગંભીર કૌભાંડ સામે ભારતના ચૂંટણી પંચની સક્રિયતા અને સખ્તાઈએ દર્શાવ્યું છે કે દેશની લોકશાહી સંસ્થા પોતાની પવિત્રતા જાળવવા માટે મક્કમ છે. ECI એટલે કે ચૂંટણી પંચ દ્વારા તાત્કાલિક ધોરણે રિપોર્ટની માંગણી અને પરિણામે આવેલા સત્યએ સાબિત કર્યું કે ટેક્નોલોજી અને ઈરાદાની સચ્ચાઈ વડે આવા ગુપ્ત ફરજીવાડાનો પર્દાફાશ કરવો શક્ય છે. ચૂંટણી પંચની આ કાર્યવાહી માત્ર બંગાળ પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ, પરંતુ સમગ્ર દેશની મતદાર યાદીઓનું સઘન અને નિયમિત શુદ્ધિકરણ (Purification) થાય તે અનિવાર્ય છે.

લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય સમાન હોય છે.



એક પણ 'ભૂતિયો મત' જો ખોટી રીતે નાખવામાં આવે, તો તે લાખો હયાત મતદારોના અધિકારનું ઉલ્લંઘન કરે છે અને જનમતને અવળી દિશામાં દોરે છે. SIR જેવી પ્રણાલીઓ, જે મૃત્યુ, સ્થળાંતર અને ડુપ્લિકેટ એન્ટ્રીઓને પકડવામાં મદદ કરે છે, તેને માત્ર એક વિકલ્પ નહીં પણ એક ફરજિયાત પ્રક્રિયા બનાવવી પડશે.

આ કૌભાંડમાંથી આપણે એ શીખ લેવાની છે કે મતદાર યાદીમાં રહેલી દરેક એન્ટ્રીની ખરાઈ સતત થતી રહેવી જોઈએ. ECIએ હવે માત્ર ભૂતિયા મતદાતાઓને દૂર કરવા પૂરતું સીમિત ન રહેતા, આ ફરજીવાડામાં સામેલ બેદરકાર અથવા જાણી જોઈને સહાય કરનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ આવો ભયાવહ ખેલ ખેલવાની હિંમત ન કરી શકે. લોકશાહીની તંદુરસ્તી જાળવવાની જવાબદારી માત્ર સરકાર કે પંચની નથી, પરંતુ જાગૃત નાગરિકો તરીકે આપણે સૌએ પણ મતદાર યાદીની પારદર્શિતા માટે સતત ધ્યાન રાખવું પડશે. SIR પ્રણાલી દ્વારા મળેલું આ પગલું, લોકશાહીને વધુ મજબૂત અને સ્વચ્છ બનાવવાની દિશામાં એક નિર્ણાયક કદમ છે.

# દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી વિરાટ કોહલી માટે ખાસ સાબિત થઈ, વનડે કારકિર્દીમાં પહેલી વાર સિદ્ધિ હાંસલ કરી



નવીદિલ્હી,

દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાં વિરાટ કોહલીની બેટિંગની તેજસ્વીતાએ તેના ટીકાકારોને યોગ્ય જવાબ આપ્યો છે. આ ત્રણ મેચની વનડે શ્રેણીમાં, કોહલીએ બે સદી અને એક અણનમ અડધી સદી ફટકારી, કુલ ૩૦૨ રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો. કોહલીએ આ વનડે શ્રેણીમાં એક એવી સિદ્ધિ પણ હાંસલ કરી જે તેણે અગાઉ તેના વનડે કારકિર્દીમાં કોઈપણ ટુર્નામેન્ટ કે શ્રેણીમાં હાંસલ કરી ન હતી.વિરાટ કોહલીને વનડે ફોર્મેટમાં સૌથી મહાન બેટ્સમેનોમાંનો એક માનવામાં આવે છે, જે સૌથી વધુ સદી ફટકારવાના સંદર્ભમાં અન્ય બેટ્સમેનોને પાછળ છોડી દે છે. દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાં પણ વિરાટ કોહલીનું આક્રમક સ્વરૂપ જોવા મળ્યું હતું, જ્યાં તેણે કુલ ૧૨ છગ્ગા ફટકાર્યા હતા. આ તેની વનડે કારકિર્દીમાં પહેલી વાર બન્યું હતું કે કોહલીએ શ્રેણી કે ટુર્નામેન્ટમાં ૧૦ કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા હોય. વિરાટ કોહલીએ અગાઉ ૨૦૨૨-૨૩માં શ્રીલંકા સામેની ત્રણ મેચની વનડે શ્રેણી અને ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપમાં તેની વનડે કારકિર્દીમાં શ્રેણી કે ટુર્નામેન્ટમાં સૌથી વધુ છગ્ગા ફટકાર્યા હતા, જેમાં કુલ નવ છગ્ગા ફટકાર્યા હતા.૨૦૨૫ ટીમ ઇન્ડિયાના સ્ટાર ખેલાડી વિરાટ કોહલી માટે શાનદાર વર્ષ હતું. તેણે કુલ ૧૩ વનડે મેચ રમી અને ૬૫.૧૦ ની સરેરાશથી ૬૫૧ રન બનાવ્યા, જેમાં ત્રણ સદી અને ચાર અડધી સદીનો સમાવેશ થાય છે.

# ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદ કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશનના નવા વડા તરીકે ચૂંટાયા



બેંગ્લુરૂ,

ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદ કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશનના નવા વડા તરીકે ચૂંટાયા છે. તેમણે અનુભવી રમતગમત પ્રશાસક કેએન શાંત કુમારને ૭૪૯-૫૫૮ ના માર્જિનથી હરાવ્યા, ૧૯૧ મતોથી વિજય મેળવ્યો. ચૂંટણીમાં કુલ ૧,૩૦૭ સભ્યોએ મતદાન કર્યું. પ્રસાદ પાસે હવે રાજ્યમાં ક્રિકેટ પાછું લાવવાનો પડકાર રહેશે, જે ૪ જૂને એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પાસે થયેલી ભાગદોડ બાદ હાંસિયામાં ધકેલાઈ ગયું હતું. ભાગદોડમાં કુલ ૧૧ ક્રિકેટ ચાહકોના મોત થયા હતા.વેંકટેશ પ્રસાદ અને ધ પ્રિન્ટર્સ (મૈસુર) પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર શાંત કુમાર બંનેએ રાજ્યમાં ક્રિકેટને ઉચ્ચ સ્તરે પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવાનું વચન આપ્યું હતું. આ તેમના સંબંધિત પેનલ માટે એક મુખ્ય ચૂંટણી મુદ્દો હતો. પ્રસાદ આખરે જીતી ગયા છે, અને તેમના નેતૃત્વ હેઠળની તેમની પેનલને અનિલ કુંબલે અને જવાગલ શ્રીનાથ જેવા ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓનો ટેકો છે.ભૂતપૂર્વ બેટ્સમેન સુજીત સોમસુંદરમે ઉપપ્રમુખની ચૂંટણીમાં ડી. વિનોદ શિવપ્પાને ૭૧૯-૫૮૮થી હરાવ્યા.

# ઉપ-કેપ્ટન શુભમન ગિલ ગરદનની ઈજા બાદ હવે સંપૂર્ણપણે ફિટ

ભુવનેશ્વર,

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની વનડે શ્રેણી પૂર્ણ થઈ ગઈ છે, જેમાં ટીમ ઇન્ડિયાએ ૨-૧થી જીત મેળવી હતી. હવે, બંને ટીમો ટી ૨૦ શ્રેણીમાં આમને-સામને થશે. આ પહેલા, ભારતીય ટીમ માટે એક સારા સમાચાર છે. ઉપ-કેપ્ટન શુભમન ગિલ, જે ગરદનની ઈજા સામે ઝઝૂમી રહ્યો હતો, તે સંપૂર્ણપણે ફિટ છે અને ટી ૨૦ શ્રેણીમાં ભાગ લેવા માટે સંપૂર્ણ ઉત્સાહ સાથે ભુવનેશ્વર પહોંચ્યો છે.

જ્યારે બીસીસીઆઈએ ટી ૨૦ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી, ત્યારે તેમણે શરત લગાવી કે ટી-૨૦ શ્રેણી માટે શુભમન ગિલની ઉપલબ્ધતા બીસીસીઆઈના મુખ્ય કાર્યકારી અધિકારીની ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે. ક્રિકબઝના એક અહેવાલમાં જણાવાયું છે કે હવે તે ફિટ છે, તેને રમવા માટે મંજૂરી આપવામાં આવી છે. મોટાભાગના ખેલાડીઓ ટી ૨૦ શ્રેણી માટે ભુવનેશ્વર પહોંચ્યા છે, જેમાં ઘણા રવિવારે સવારે



ચાર્ટર્ડ ફ્લાઇટમાં વિશાખાપટ્ટનમથી પહોંચ્યા હતા. ઉપ-કેપ્ટન શુભમન ગિલ મોડા પહોંચ્યા કારણ કે તે વનડે ટીમનો ભાગ નહોતો.

શુભમન ગિલને દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટમાં ગળામાં જડતાનો સામનો કરવો પડ્યો હતો. તે રિટાયર્ડ હર્ટ થઈ ગયો અને પેવેલિયન પાછો ફર્યો. ત્યારબાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ઈજાને કારણે, તે બીજી ટેસ્ટ અને આખી વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયો. કેએલ રાહુલે વનડેમાં કેપ્ટનશીપ સંભાળી.

# બાંગ્લાદેશના સ્ટાર ઓલરાઉન્ડર શાકિબ અલ હસને નિવૃત્તિ પાછી ખેંચવાનો નિર્ણય લીધો

બાંગ્લાદેશ,

બાંગ્લાદેશના સ્ટાર ઓલરાઉન્ડર શાકિબ અલ હસને ટેસ્ટ અને ટી ૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેણે કહ્યું છે કે તે હાલમાં ત્રણેય ફોર્મેટમાં રમવા માંગે છે. તેણે ગયા વર્ષે ટેસ્ટ અને ટી ૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે ગયા વર્ષે કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી.

શાકિબ અલ હસને બીયર્ડ બિફોર વિકેટ પોડકાસ્ટ પર કહ્યું, "મેં સત્તાવાર રીતે બધા ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી નથી. આ પહેલી વાર છે જ્યારે હું આ વાતનો ખુલાસો કરી રહ્યો છું. મારી યોજના બાંગ્લાદેશ પરત ફરીને વનડે, ટેસ્ટ અને ટી ૨૦ ની સંપૂર્ણ શ્રેણી રમવાની છે, અને પછી નિવૃત્તિ લેવાની છે." શાકિબે આગળ કહ્યું, "હું બધા ફોર્મેટમાંથી



નિવૃત્તિ લઈ શકું છું. તેથી તે ટી ૨૦,વનડે અને ટેસ્ટ, અથવા ટેસ્ટ,વનડે અને ટી ૨૦ થી શરૂ થઈ શકે છે. મને તેનાથી કોઈ વાંધો નથી. હું ફક્ત સંપૂર્ણ શ્રેણી રમવા માંગુ છું."

શાકિબ અલ હસન મે ૨૦૨૪ થી બાંગ્લાદેશ પાછો ફર્યો નથી. ૫ ઓગસ્ટના રોજ, ભારતના પડોશી દેશમાં વિદ્યાર્થીઓનો વિરોધ શરૂ થયો. આ પછી, વડા પ્રધાન શેખ હસીનાને દેશ છોડવાની ફરજ પડી હતી, અને આવામી લીગ સરકાર પડી ભાંગી હતી. શાકિબ આવામી લીગના સાંસદ હતા અને તેમની સામે હત્યાના આરોપમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જોકે તે સમયે તે દેશમાં નહોતો. તેમણે કાનપુરમાં ભારત સામે છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી, જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમની છેલ્લી મેચ હતી.ભારત સામે કાનપુર ટેસ્ટ પહેલા શાકિબ અલ હસને જાહેરાત કરી હતી કે તે હવે ટી ૨૦ મેચ નહીં રમે. ત્યારબાદ તેણે ઓક્ટોબરમાં દક્ષિણ આફ્રિકા સામેની ઘરેલુ શ્રેણીમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ બાદમાં તેને દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટમાં તક મળી ન હતી.શાકિબને શ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાંનો એક માનવામાં આવે છે અને તેણે એકલા હાથે ઘણી મેચોમાં બાંગ્લાદેશને જીત અપાવી છે. તેણે ટેસ્ટમાં ૪૬૦૯ રન બનાવ્યા છે અને ૨૪૬ વિકેટ લીધી છે. તેના નામે વનડેમાં ૭૫૭૦ રન અને ૩૧૭ વિકેટ પણ છે. ટી ૨૦ ક્રિકેટમાં પણ તેનો રેકોર્ડ સારો છે, તેણે ૧૨૯ મેચ રમીને કુલ ૨૫૫૧ રન બનાવ્યા છે અને ૧૪૯ વિકેટ લીધી છે.

# વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન નિકોલસ પૂરને ટી ૨૦ ક્રિકેટમાં ૧૦,૦૦૦ રનનું જાદુઈ સીમાચિહ્ન હાંસલ કર્યું

નવીદિલ્હી,

વેસ્ટ ઈન્ડિઝનો નિકોલસ પૂરન તેની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો છે. તે હાલમાં આઈપીએલ ૨૦ લીગમાં રમી રહ્યો છે, જ્યાં તે એમઆઈ અમીરાત ટીમનો ભાગ છે. અમીરાત ટીમે શારજાહ વોરિયર્સને ૪ રનથી હરાવ્યું. આ મેચમાં, એમઆઈ અમીરાતે પહેલા બેટિંગ કરી અને ૧૮૫ રન બનાવ્યા. વોરિયર્સ તેમની નિર્ધારિત ૨૦ ઓવરમાં ફક્ત ૧૮૧ રન જ બનાવી શક્યું. મેચમાં પૂરનનું પ્રદર્શન પ્રભાવશાળી નહોતું, તેણે ૧૨ બોલમાં ફક્ત પાંચ રન બનાવ્યા.

શારજાહ વોરિયર્સ સામેની મેચમાં, નિકોલસ પૂરને ફક્ત બે રન બનાવ્યા પછી ટી ૨૦ ક્રિકેટમાં



૧૦,૦૦૦ રન પૂર્ણ કર્યા. તે ટી ૨૦ ક્રિકેટમાં ૧૦,૦૦૦ થી વધુ રન બનાવનાર કુલ ૧૯મો બેટ્સમેન બન્યો. કિરોન પોલાર્ડ અને ક્રિસ ગેલ પછી તે વેસ્ટ ઈન્ડિઝ તરફથી આવું કરનાર ત્રીજો ખેલાડી પણ છે. પૂરને ટી ૨૦ ક્રિકેટમાં ૧૦,૦૦૦ રન સુધી પહોંચવા માટે કુલ ૪૦૦ ઈનિંગ્સ રમી છે.નિકોલસ પૂરને ૨૯ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. ત્યારથી, તે વિશ્વભરની લીગમાં રમી રહ્યો છે અને પોતાની પ્રતિભા બતાવી રહ્યો છે.આઈપીએલમાં, તે લખનૌ સુપર જાયન્ટ્સ માટે રમે છે. તેણે ૪૦૦ ટી ૨૦ ઈનિંગ્સમાં કુલ ૧૦,૦૦૩ રન બનાવ્યા છે, જેમાં ચાર સદી અને ૬૨ અડધી સદીનો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન તેણે ૬૮૭ છગ્ગા પણ ફટકાર્યા છે.ફક્ત બે ભારતીય બેટ્સમેનોએ ટી ૨૦ ક્રિકેટમાં ૧૦,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. આમાં વિરાટ કોહલી અને રોહિત શર્માનો સમાવેશ થાય છે. રોહિતે ટી ૨૦ ક્રિકેટમાં ૧૨,૨૪૮ રન બનાવ્યા છે, અને કોહલીએ ટી ૨૦ ક્રિકેટમાં ૧૩,૫૪૩ રન બનાવ્યા છે. બંને ખેલાડીઓ ટી ૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે પરંતુ હજુ પણ આઈપીએલમાં રમી રહ્યા છે.

આઈએલટી ૨૦ માં,એમઆઈ અમીરાતે પ્રથમ બેટિંગ કરતા ૧૮૫ રન બનાવ્યા. મોહમ્મદ વસીમે ટીમ માટે શાનદાર બેટિંગ કરી.

# મારા પિતા પૃથ્વી પર હોય કે સ્વર્ગમાં, તેઓ હંમેશા સાથે છે : એશા દેઓલ



મુંબઈ,

ધર્મેન્દ્રનું અવસાન બોલિવૂડ માટે એક મોટું નુકસાન સાબિત થયું. અભિનેતાનો પરિવાર હજુ પણ ભાવનાત્મક સમયમાંથી પસાર થઈ રહ્યો છે. ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બરના રોજ અવસાન થયું. તેમના મૃત્યુ પછી તેમના બાળકો તરફથી કોઈ પ્રતિક્રિયા આવી ન હતી. તેમના અંતિમ સંસ્કાર ખાનગી રીતે કરવામાં આવ્યા હતા. આજે, તેમના મૃત્યુના ૧૪ દિવસ પછી, તેમની જન્મજયંતિ છે. તેમની પુત્રી, એશા દેઓલે, આ પ્રસંગે પોતાની પહેલી પ્રતિક્રિયા શેર કરી છે. તેમના પિતાને યાદ કરીને, તેમણે એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી, જેમાં તેમનું દુઃખ વ્યક્ત કર્યું અને વ્યક્ત કર્યું કે તેઓ તેમને કેટલી યાદ કરે છે. પોસ્ટમાં, તેમણે લખ્યું કે પૃથ્વી પર હોય કે સ્વર્ગમાં, તેઓ હંમેશા સાથે છે.એશા દેઓલે પોતાની ભાવનાત્મક પોસ્ટમાં લખ્યું, "મારા પ્રિય પપ્પાને, અમારું વચન, સૌથી મજબૂત બંધન. 'આપણે' આપણા બાકીના જીવન માટે, બધી દુનિયામાં અને તેનાથી આગળ સાથે રહીશું... આપણે હંમેશા સાથે રહીશું, પપ્પા. સ્વર્ગમાં હોય કે પૃથ્વી પર, આપણે સાથે છીએ. હમણાં માટે, મેં તમને પ્રેમથી, કાળજીપૂર્વક અને કિંમતી રીતે મારા હૃદયમાં છુપાવ્યા છે... અંદર ઊંડાણમાં, જેથી તમે આ બાકીના જીવન માટે મારી સાથે રહેશો." જાદુઈ, કિંમતી યાદો... તમારી પુત્રી તરીકે તમે મને આપેલા જીવનના પાઠ, ઉપદેશો, માર્ગદર્શન, હૂંફ, બિનશરતી પ્રેમ, આદર અને શક્તિ બદલી ન શકાય તેવા અને અજોડ છે. પોસ્ટ અહીં જુઓ પોસ્ટમાં, એશા દેઓલે આગળ લખ્યું, "પપ્પા, મને તમારી ખૂબ યાદ આવે છે... તમારા ગરમ, રક્ષણાત્મક આલિંગન જે સૌથી આરામદાયક ધાબળા જેવા લાગતા હતા, તમારા નરમ છતાં મજબૂત હાથ જે અકથિત સંદેશાઓને પકડી રાખે છે, અને તમારો અવાજ મારું નામ લે છે, ત્યારબાદ અનંત વાતચીતો, હાસ્ય અને કવિતાઓ આવે છે. તમારું સૂત્ર હંમેશા નમ્ર, ખુશ, સ્વસ્થ અને મજબૂત રહે. હું તમારા વારસાને ગર્વ અને સન્માન સાથે આગળ વધારવાનું વચન આપું છું. અને હું તમારા પ્રેમને લાખો લોકો સુધી પહોંચાડવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરીશ જે તમને મારા જેટલો જ પ્રેમ કરે છે. હું તમને પ્રેમ કરું છું, પપ્પા, તમારી પ્રિય પુત્રી, તમારી ઈશા, તમારા બિટ્ટુને પ્રેમ કરું છું.આ પોસ્ટની સાથે, એશા દેઓલે બે ફોટા પણ પોસ્ટ કર્યા જેમાં તે તેના પિતા સાથે પોઝ આપતી જોવા મળે છે. આ ફોટા પિતા અને પુત્રી વચ્ચેના સુંદર બંધન દર્શાવે છે. નોંધનીય છે કે આ પોસ્ટનો ટિપ્પણી વિભાગ અક્ષમ કરવામાં આવ્યો છે. દેખીતી રીતે, એશાએ ટ્રોલિંગ અને અણઘડ પ્રતિક્રિયાઓ ટાળવા માટે આ કર્યું હતું.

# સ્મૃતિ મંધાનાએ ઈન્સ્ટાગ્રામ પરથી પલાશ મુછલનું નામ હટાવી દીધું, અને ગાયિકા પણ પાછળ રહી નહીં

મુંબઈ,

ક્રિકેટર સ્મૃતિ મંધના અને ગાયક પલાશ મુછલ વચ્ચેના સંબંધો તેમના તૂટેલા લગ્ન જેટલા જ સમાચારમાં રહ્યા છે. આ દંપતીએ સત્તાવાર રીતે તેમના લગ્નના અંતની જાહેરાત કરી છે. રવિવારે, તેમણે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે તેમના લગ્ન હવે ચાલુ નથી. તેમણે જીવનમાં આગળ વધવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. છેલ્લા ઘણા દિવસોથી અટકળો ચાલી રહી છે, નવી અફવાઓ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી રહી છે, પરંતુ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે લગ્નનો અંત આવી ગયો છે. આ દંપતીએ હજુ સુધી બ્રેકઅપનું કારણ જાહેર કર્યું નથી. તેઓ હજુ પણ આ બાબતને ખાનગી રાખવા માંગે છે. દરમિયાન, બંનેએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં ઘણા ફેરફારો કર્યા છે.

પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે સ્મૃતિ મંધાનાના પિતાની અચાનક બીમારીને કારણે લગ્ન મુલતવી રાખવામાં આવ્યા હતા, અને એવું પણ અહેવાલ હતું કે



પલાશ મુછલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંને હાલમાં સ્વસ્થ છે. દરમિયાન, એક બાબત જે બધાનું ધ્યાન ખેંચી રહી છે તે છે સ્મૃતિ અને પલાશના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ્સ. બંનેએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં ઘણા ફેરફારો કર્યા છે. લગ્ન રદ થયા પછી, બંનેએ તેમના બાયોમાં નજર કા ટીકા ઉમેરી, પરંતુ સ્મૃતિ મંધાનાએ હવે તેને દૂર કરી દીધી છે. સ્મૃતિએ પલાશને લગતી બધી પોસ્ટ્સ પણ ડિલીટ કરી દીધી છે. સગાઈની પોસ્ટ અને અન્ય ઘણી જૂની યાદો હવે ઈન્સ્ટાગ્રામ પરથી દૂર કરવામાં આવી છે. નોંધનીય છે કે સ્મૃતિ મંધાનાએ સગાઈની જાહેરાતનો વીડિયો પહેલાથી જ ડિલીટ કરી દીધો હતો.

આ જ દિશામાં, પલાશ મુછલ પણ પાછળ નથી. ગાયક-સંગીતકારે ઈન્સ્ટાગ્રામ પરથી ઘણી પોસ્ટ્સ ડિલીટ પણ કરી છે. પલાશે સ્ટેડિયમમાં સ્મૃતિને પ્રપોઝ કરતી પોસ્ટ ડિલીટ કરી જ નહીં, પરંતુ સ્મૃતિની વર્લ્ડ કપ ટ્રોફી સાથે પોસ્ટ કરેલી એક ખાસ પોસ્ટ પણ ડિલીટ કરી દીધી. આ પોસ્ટમાં સ્મૃતિને સમર્પિત પલાશનું ખાસ ટેટૂ પણ હતું.

# દેવોં કે દેવ મહાદેવમાંથી 'પાર્વતી' માતા બની, સોનારિકા ભદોરિયાએ પુત્રીને જન્મ આપ્યો

મુંબઈ,

લોકપ્રિય ટેલિવિઝન શો "દેવોં કે દેવ મહાદેવ" માં પાર્વતીની ભૂમિકા ભજવવા માટે જાણીતી અભિનેત્રી સોનારિકા ભદોરિયાએ તેમના જીવનના એક નવા અને સુંદર પ્રકરણમાં પ્રવેશ કર્યો છેઃ માતૃત્વ. સોનારિકા અને તેના પતિ, વિકાસ પરાશરે તેમની પ્રથમ પુત્રીનું સ્વાગત કર્યું. તેમણે સોશિયલ મીડિયા પર એક મીઠી પોસ્ટ શેર કરીને ખુશખબર



જાહેર કરી. સોનારિકાએ પોતાનો અને તેના પતિનો એક મોનોક્રોમ ફોટો પોસ્ટ કર્યો જેમાં તેઓ તેમના નવજાત બાળકના પગ પકડી રહ્યા છે.સોનારિકા ભદોરિયાએ તેની પોસ્ટનું કેપ્શન આપ્યું, "૫.૧૨.૨૦૨૫ આપણી સૌથી મીઠી અને સૌથી મોટી વરદાન... તે અહીં છે અને તે પહેલાથી જ આપણું આખું વિશ્વ છે." સોનારિકા સોશિયલ મીડિયા પર માતૃત્વ સુધીની તેની સફરના દરેક પગલાને શેર કરી રહી છે. તાજેતરમાં, તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ પરિવાર સાથે તેના મેટરનિટી શૂટના કેટલાક ફોટા અને વિડિઓઝ શેર કર્યા. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, સોનારિકાએ કાળા પેન્ટ અને ટી-શર્ટમાં તેનો સંપૂર્ણ વિકસિત બેબી બમ્પ બતાવ્યો.

# રાજકોટ શહેર ભાજપ કમલમ્ કાર્યાલય ખાતે ડો.આંબેડકર મહાનિર્વાણ દિને પુષ્પાજંલી: વકતવ્ય કાર્યક્રમ



રાજકોટ,
ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજીના તા. ૬ઠ્ઠી ડીસેમ્બરના રોજનિર્વાણ દિવસ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરી અને તેમના મહાપરીનિર્વાણ તા. ૬ ઠ્ઠી ડીસેમ્બર સુધી વિવિધ કાર્યક્રમો જેવાં કે ડો. આંબેડકરજીને પુષ્પાંજલી, સંવિધાનનું વાંચન અને પુજન, સંવિધાન ગૌરવ ગોષ્ઠિ, વકતવ્યના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે.

આ તકે રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે ડો. ભીમરાવ આંબેડકરજી વિશે વકતવ્યનો કાર્યક્રમ તા. ૬ ઠ્ઠી ડીસેમ્બરના રાજકોટ લોકસભા સાંસદ પુરૂષોત્તમભાઈ રૂપાલાએ ડો. ભીમરાવ આંબેડકરજીના નિર્વાણ દિવસ અતર્ગત આ કાર્ય પોતાના વકતવ્યમાં જણાવેલ હતું.

આજે મહાપરિનિર્વાણ દિવસ અંતર્ગત વધુમાં જણાવ્યું હતું કે ડો. બાબાસાહેબ આંબેડકરજી એક અનન્ય કોટીના નેતા હતા,તેમણે પોતાનુ સમગ્ર જીવન દેશના કલ્યાણમાં સમર્પિત કર્યુ હતું.

કાર્યક્રમમાં અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, દંડક નેતા મનીષ રાડીયા સહિત આ કાર્યક્રમના સંયોજક, સહસંયોજક, રાજકોટ શહેર હોદ્દેદારો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી સહિત તમામ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે અને સમગ્ર સંચાલન રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ અને કાર્યાલયમંત્રી હિતેષભાઈ ઢોલરીયાએ કરેલ હતું.

# રાજકોટની સેન્ટ ગાર્ગી વિદ્યા સંકુલ દ્વારા સ્વામી વિવેકાનંદના બોધપાઠનું આયોજન કરાયું



રાજકોટ,
રાજકોટ સેન્ટ ગાર્ગી વિદ્યા સંકુલ અને અરવિંદભાઈ મણીઆર રીસર્ચ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા.૦૫/૧૨/૨૫ ને શુક્રવારના રોજ સેન્ટ ગાર્ગી સ્કુલમાં શાળાના બાળકો દ્વારા સ્વામી વિવેકાનંદ ના બોધપાઠનું સુંદર મજાનું નાટક પ્રસ્તુત કરવામાં આવેલ હતું.

જેમાં શ્રી રામકૃષ્ણ આશ્રમના સ્વામી ધર્મપાલનંદ સ્વામી આશીર્વચન માટે આવેલ અને શ્રી અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ માંથી ટ્રસ્ટી અને કારોબારી સભ્યો કલ્પકભાઈ મણીઆર, જયંતભાઈ ધોળકિયા, જહાનવીબેન લાખાણી, અશોકભાઈ પંડ્યા, રાજુલભાઈ દવે, હસુભાઈ ગણાત્રા, રમેશભાઈ પરમાર, ઈન્દ્રવદનભાઈ રાજયગુરુ, નયનાબેન મકવાણા બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંક લી.ની મુલાકાતે આંધ્ર પ્રદેશ સ્ટેટ કો-ઓપ.બેંકના ચેરમેન



રાજકોટ,
ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી અને આ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરેકટર ઘનશ્યામભાઈ ખાટરીયા તથા બોર્ડ ઓફ ડિરેકટર્સના કુશળ વહીવટથી શ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક રાષ્ટ્રીય સ્તરે ઉભરી આવેલ છે.

નાબાર્ડે આ બેંકને પાયોનીયર બેંક તરીકે બિરદાવતા બેંકના મોડેલ વહીવટથી પ્રભાવિત થઈ દેશની તમામ સહકારી બેંકના સંચાલકોની રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની એકસપોઝર વિઝીટ ગોઠવી આ બેંકની થાપણ, ધિરાણ, વસુલાત તથા ખેડૂતો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કરી અન્ય બેંકો પણ તેનું અનુકરણ કરી ગ્રામ્ય વિસ્તારના લોકો તથા ખેડૂતોના વિકાસ લક્ષી પ્રવૃતિ કરે તેવા નાબાર્ડના અભિગમના ભાગ રૂપે આંધ્ર પ્રદેશ સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લી. નાં ચેરમેન ગાની વીરંજનીયુલુની આગેવાની હેઠળ આંધ્ર પ્રદેશ સ્ટેટ કો-ઓપ.બેંક તથા ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંકોના ચેરમેન ઓ તથા અધિકારીઓની ટીમએ રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની તા. ૬-૧૨-૨૦૨૫ ના રોજ મુલાકાત લઈ બેંકની વિવિધ પ્રવૃતિઓનો અભ્યાસ કરેલ અને બેંકના જનરલ મેનેજર - સી.ઈ.ઓ. વી. એમ. સખીયાએ બેંકની વિવિધ કામગીરીની જાણકારી આપેલ.

આંધ્ર પ્રદેશ સ્ટેટ કો-ઓપ.બેંક તથા ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકોના ચેરમેન તથા અધિકારીઓની ટીમએ આ બેંકની ઉપરોકત બેનમુન કામગીરી, બેંકની મુખ્ય કચેરીમાં ૨૪ કલાક ૩૬૫ દિવસ લોકર ઓપરેટીંગ સુવિધા તેમજ રાત્રીના ૧૦-૦૦ વાગ્યા સુધી દાગીના ધિરાણ સુવિધાની વ્યવસ્થા જોઈ ખુબ જ પ્રભાવિત થયેલ હતા.

# રાજકોટના રામકૃષ્ણ આશ્રમ દ્વારા દિવ્યાંગ બાળકો માટે અનોખી સ્પર્ધા યોજાઈ



રાજકોટ,
રાજકોટના દિવ્યાંગ બાળકોની પ્રતિભા ખીલવવા શ્રીરામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટર, રાજકોટના 'મા શારદા સી.પી. રિહેબિલિટેશન વિભાગ' દ્વારા દર વર્ષે વાર્ષિક દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાય છે. આ કાર્યક્રમ થકી આશ્રમ દિવ્યાંગ બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ વર્ષે પણ તા. ૭ ડિસેમ્બરના રોજ રાજકોટની વિવિધ સંસ્થાના દિવ્યાંગ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું મુજબ આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજા તથા રાણી સાહેબા શ્રીમતી કાદમ્બરીદેવી મુખ્ય અતિથિરૂપે ઉપસ્થિત રહ્યા અને દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમમાં 'પ્રયાસ', 'નવશક્તિ', 'જીનિયસ સુપર કિડ્સ', 'સેતુ', 'એકરંગ', 'સ્નેહ નિર્જર' અને શ્રીરામકૃષ્ણ આશ્રમમાં થેરાપી મેળવતા કુલ ૨૩૦ દિવ્યાંગ બાળકો જોડાયાં. આ બાળકો માટે કલર, ફેન્સી ડ્રેસ, ટેલેન્ટ શો અને સંગીત ખુરશી જેવી વિવિધ સ્પર્ધા રાખવામાં આવી, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને તેમની અંતર્નિહિત શક્તિઓનું પ્રદર્શન કર્યું. આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજે બાળકોને તથા વાલીઓને આવકાર્યા તેમજ પ્રાસંગિક વક્તવ્ય પાઠવ્યું.

મુખ્ય મહેમાનોને વરદ હસ્તે વિજેતા બાળકોને પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવ્યાં.કાર્યક્રમના અંતે સહુ બાળકો તેમજ વાલીઓને ભોજન-પ્રસાદ પીરસવામાં આવ્યો.

# આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ રાજકોટની મુલાકાતે

## હડદડનું આંદોલન ભાજપ છોડો આંદોલન સાબિત થશે: કેજરીવાલ



રાજકોટ,
આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. શહેરના ભક્તિનગર સ્ટેશન પ્લોટ સ્થિત એન્જિનીયરિંગ એસોસિએશન હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે જેલમાં ગયેલા ખેડૂતોના પરિવારજનો અને જામીન પર મુક્ત થયેલા ખેડૂતોનું સન્માન કર્યું હતું. આ તકે તેમણે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા આગામી સમયમાં ગુજરાતમાં પરિવર્તનનો દાવો કર્યો હતો.

પોતાના સંબોધનમાં કેજરીવાલે ભારતીય જનતા પાર્ટીની તુલના અંગ્રેજો સાથે કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘‘છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે, જેથી તેમને સત્તાનો અહંકાર આવી ગયો છે. તેમને લાગે છે કે કોઈ તેમને હટાવી શકશે નહીં. જે રીતે અંગ્રેજો વિરુદ્ધ 'હિંદ છોડો' આંદોલન થયું હતું, તે જ રીતે હડદડનું આંદોલન હવે 'ભાજપ છોડો' આંદોલન સાબિત થશે.’’

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સરકાર દંડા અને અશ્રુ ગેસના જોરે લોકોને કાબુમાં કરવાનો પ્રયાસ કરી રહી છે. રાજ્યમાં નકલી દારૂ અને ડ્રગ્સ વેચનારાઓ ખુલ્લેઆમ ફરે છે, જ્યારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં પૂરવામાં આવે છે.

રાજકીય પ્રહારો ચાલુ રાખતા કેજરીવાલે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સાંઠગાંઠ હોવાનો આક્ષેપ કર્યો હતો. જામનગરની ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ‘‘જ્યારે ગોપાલ ઈટાલિયા ભાજપને ગાળો આપી રહ્યા હતા, ત્યારે કોંગ્રેસના કાર્યકર્તાએ તેમને જૂતું માર્યું હતું. આ સાબિત કરે છે કે પંજો અને કમળ એક જ છે.’’ પોતાના જેલવાસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ‘‘મને પણ જેલમાં નાખવામાં આવ્યો હતો કારણ કે હું દિલ્હીના લોકો માટે સ્કૂલ, હોસ્પિટલ અને મહોલ્લા ક્લિનિક બનાવવાનું કામ કરતો હતો. ભલે મને ૧૦૦ વાર જેલમાં પૂરે, હું લોકોની સેવા કરતો રહીશ.’’

અંતમાં તેમણે ભવિષ્યવાણી કરતા કહ્યું હતું કે, ‘‘આવનારા બે વર્ષમાં ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બની રહી છે. અમારી સરકાર બનતાની સાથે જ આંદોલનકારીઓ પર થયેલી તમામ ખોટી ફરિયાદ રદ કરવામાં આવશે.’’

# રાજકોટમાં સર્વોપરી સ્વામિનારાયણ ચેરી. ટ્રસ્ટ દ્વારા ‘કસુંબલ લોકડાયરો’ યોજાયો



રાજકોટ,
ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી- ગાંધીનગરના આર્થીક સહયોગથી સર્વોપરી સ્વામીનારાયણ ચેરી.ટ્રસ્ટ રાજકોટ સંસ્થા પ્રસ્તુત દેશભકિતના ગીતો તથા શૌર્યગીતો રજુ કરતો ‘કસુંબલ લોકડાયરો’ તા.૬ના શનિવારે એસજીવીસી પ્રાઈમરી સ્કૂલ, પુનીતનગર, વાવડી મેઈન રોડ, વાવડી રાજકોટ ખાતે સ્કુલના વિશાળ હોલમાં વિનામૂલ્યે યોજવામાં આવ્યો હતો.

જેમાંસૌરાષ્ટ્ર-ગુજરાતનાંરેડિયો, ટીવી કલાકારો કૌશીક મહેતા, શૈલેષ પીઠવા, શીવદાનભાઈ બારોટ વિગેરે કલાકારો તથા સાજીંદાઓની ટીમ સાથે આ લોકડાયરામાં ભારે જમાવટ કરેલ હતી.

જે ઉપરોકત તસ્વીરમાં દશ્યમાન થાય છે. કાર્યક્રમમાં દિપ પ્રાગટય ગુરૂકુળ રીબડાના મહંત ધર્મવત્સલદાસજી સ્વામીએ કરેલ. ડાયરાના અધ્યક્ષસ્થાને ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય, મુખ્ય મહેમાન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, તેમજ રાજકોટના મેયર તથા ડે.મેયર તથા રેવન્યુ મેટરના સુપ્રસિધ્ધ સીની.ધારાશાસ્ત્રી દિલેશભાઈ જે. શાહ તથા મનગભાઈ સોરઠીયા, ગીરીશભાઈ ભટ્ટ, કશ્યપભાઈ શુકલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ લોકડાયરા કાર્યક્રમને સફળ બનાવવા એસજીવીપી ગુરૂકુળ રીબડાના સંચાલક કોઠારી મહંત સ્વામી ધર્મવત્સલદાસજી સ્વામી, હરીનંદન સ્વામી, ઋષીકેશ સ્વામી વિગેરે સંતો અને ગવર્મેન્ટ માન્ય પહાડી કંઠના ગાયક કૌશીક મહેતા (ભૂદેવ) રાજકોટએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ નાકરાવાડી-કોઠારીયામાં ૧૮થી વધુ દબાણકર્તાઓને નોટીસ ફટકારતા મામલતદાર

રાજકોટ,
રાજકોટમાં સરકારી જમીનોમાં ઠેર-ઠેર થઈ ગયેલા દબાણો મામલે છેલ્લા કેટલાક સમયથી નિષ્ક્રીય થઈ ગયેલુ રાજકોટ જિલ્લા રેવન્યુ થઈ ગયેલુ રાજકોટ જિલ્લા રેવન્યુ તંત્ર ફરી સક્રિય બન્યુ છે. અને રેવન્યુ તંત્ર ફરી સક્રિય બન્યુ છે.

અને રાજકોટ તાલુકા મામલતદારે જિલ્લા કલેકટરની સુચનાથી નાકરાવાડી અને કોઠારીયા વિસ્તારમાં કરોડો રૂપિયાની જમીનો ઉપર દબાણ કરનારાઓને ડિમોલીશનની નોટીસો ફટકારી છે.આ અંગે રાજકોટ તાલુકા મામલતદાર મકવાણાનો સંપર્ક કરતા ભેંસોએ જણાવેલ હતું કે રાજકોટ તાલુકાના નાકરાવાડી ગામના રેવન્યુ સરવે નંબર ૨૨૨ પૈકીની સરકારી ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણો ઊભા થઈ ગયા છે.

આ રહેણાક અને વાણિજ્ય દબાણ ધ્યાને આવતા અંતે પ્રથમ તબક્કે ૧૮ દબાણકર્તાને નોટિસ ફટકારી દબાણ કેસ ચલાવતા દબાણ કારોએ વર્ષ ૨૦૧૯થી દબાણ કર્યાનું કબૂલ્યું હતું. હાલમાં તાલુકા મામલતદારે તમામ દબાણકારોને તાકીદે જમીન ખાલી કરવા હુકમ કર્યો છે.

તથા રાજકોટ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં સરકારી જમીન ખુલ્લી દેખાય ત્યાં દબાણકારો દબાણ કરી રહ્યા છે કોઠારિયા વિસ્તારમાં આવેલ રેવન્યુ સરવે નંબર ૨૨૬, ૨૨૭, ૨૨૮ પૈકીની પ્લોટ નંબર ૧૦ની જમીનમાંથી ૨૫૦ ચો.મી. જમીનમાં રમેશ સાવલિયા નામના શખ્સે દબાણ કરી લેતા રાજકોટ તાલુકા મામલતદારે કેસ ચલાવી જમીન ખુલ્લી કરાવી જમીનનો કબજો લેવા હુકમ કર્યો હતો.

વધુમાં મામલતદાર મકવાણાએ જણાવેલ હતુ કે નાકરાવાડીમાં વધુ પડતા દબાણો રહેણાકના ફરી દેવાયા છે. તેમજ અમૂક દબાણો વાણિજય હેતુનાં પણ છે. રહેણાંક અને કોમશિય દબાણો મોટાભાગના ૨૦૦ થી ૫૦૦ ચો.મી.જમીનના પ્લોટોમાં કરવામાં આવ્યા છે. ઉલ્લેખનિય છે કે સરની કામગીરી પૂર્ણ થયા બાદ જિલ્લામાં હવે ફરી ગેરકાયદે દબાણો સામે મોટાપાયે કાર્યવાહી હાથ ધરાય તેવા સંકેતો છે.

# રાજકોટ જિલ્લામાં કૃષિ સહાય માટે ૨,૪૧,૪૬૬ અરજીઓ આવી

## ૬૦ હજાર ખેડૂતોએ અરજી ન કરી: ખેતીવાડી શાખા દ્વારા ચૂકવણું શરૂ

રાજકોટ,
રાજય સરકારે દિવાળી પછીના વરસાદથી થયેલ નુકશાનીના વળતર પેટે ખેડૂતો માટે રૂા. ૧૦ હજાર કરોડથી વધુ રકમનું પેકેજ જાહેર કરેલ. તેમાં ખેડૂત દિઠ મહતમ રૂા. ૪૪ હજાર સહાય કોઈ સર્વે વગર ચૂકવવાનું જાહેર કરેલ. રાજકોટ જિલ્લામાં ૩.૭ લાખ જેટલા ખેડૂતો હોવાનો અંદાજ તે પૈકી ગઈકાલે અરજી કરવાની મુદત પુરી થતા સુધીમાં ૨,૪૧,૪૬૬ ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી છે. જિલ્લા પંચાયત ખેતીવાડી શાખા દ્વારા ખેડૂતોના ખાતામાં પૈસા જમા કરાવવા ચાલુ છે.

ખરીફ-૨૦૨૫ માં કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકસાન માટે સરકારશ્રી દ્વારા કૃષિ રાહત પેકેજ-ઓક્ટોબર ૨૦૨૫ જાહેર કરવામાં આવેલ છે. જેમાં ખેડૂત દીઠ ૨ હેક્ટ ૨ મર્યાદામાં ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટપર વળતર મળવાપાત્ર થાય છે. રાજકોટ જિલ્લામાં આજ તા. ૬ ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં કુલ ૨,૪૧,૪૬૬ ખેડૂતો દ્વારા સહાય મેળવવા માટે કળષિ રાહત પેકેજ પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરેલ છે. જે પૈકી ૮૬૮૪૩ ખેડૂતોને રૂ.૨૭૯.૦૬ કરોડની ચુકવણી કરેલ છે.બાકી સહાય ચુકવણાની કામગીરી હાલ ચાલુ છે.

# જૂનાગઢ જિલ્લાકક્ષાનો ત્રિદિવસીય કલાઉત્સવ યોજાયો

જૂનાગઢ,
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ આયોજિત જિલ્લાકક્ષાનો કલાઉત્સવ તા.૩/૧૨/૨૦૨૫ થી તા. ૫/૧૨/૨૦૨૫ સુધી ત્રણ દિવસ ડાયેટ ખાતે સફળતા પૂર્વક યોજાયો હતો.

બાળ કવિ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ગાયન અને વાદન સ્પર્ધા એમ કુલ ચાર સ્પર્ધાઓ નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ ત્રણ કેટેગરીના બાળકોને પોતાની કલા પ્રદર્શિત કરવાનો મોકો મળ્યો હતો. કલા ઉત્સવમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર ને ૧૦૦૦ રૂપિયા દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનારને ૮૦૦ રૂપિયા તેમજ તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને ૫૦૦ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. અને સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને પ્રોત્સાહિત કરવા માટે સર્ટિફિકેટ તેમજ મોમેન્ટો આપવામાં આવી હતી. પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીને ઝોન કક્ષાએ પોતાની શક્તિ પ્રદર્શિત કરવાનો મોકો મળશે.

રજીસ્ટ્રેશન પ્રાર્થના કાર્યક્રમ બાદ સૌના સ્વાગત ભૂમિકા પ્રાચાયશ્રી આશાબેન રાજ્યગુરૂએ કર્યું હતું. ગાયન-વાદન બાળકવિ-ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયકશ્રીઓએ સુંદર સેવા બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પરેશગિરી મેઘનાથીએ કર્યું હતું તેમ કલાઉત્સવ કન્વીનરશ્રી ભરત મેસિયાની યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટ જિલ્લામાં મતદાર સુધારણામાં અઢી લાખ મતદારોના નામ રદ

રાજકોટ,રાજકોટ શહેર અને જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી મતદાર નોંધણી અને ઈન્યુમરેશન ફોર્મ્સના ડિજિટાઈઝેશનની મહત્ત્વપૂર્ણ કામગીરી સફળતાપૂર્વક ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે.આ કામગીરી દરમિયાન મતદાર યાદીને શુદ્ધ કરવા માટે મોટાપાયે સુધારા-વધારા કરવામાં આવ્યા છે.

જિલ્લા ચૂંટણી તંત્રના સત્તાવાર આંકડાઓ મુજબ, રાજકોટ શહેર અને જિલ્લાના કુલ ૨૩.૯૬ લાખથી વધુ મતદારોના ડેટાની ચકાસણી કરવામાં આવી હતી. આ મેગા ડ્રાઈવના અંતે કુલ ૨.૫૦ લાખ જેટલા નામો મતદાર યાદીમાંથી રદ કરવામાં આવ્યા છે.

આશરે ૯૦,૦૦૦ જેટલા મતદારોના અવસાન થયા હોવાથી તેમના નામ કમી કરવામાં આવ્યા છે.

# યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉદ્ભવતા વાયુ પ્રદૂષણેના કારણે ભારતમાં દર વર્ષે ૧૨,૦૦૦ લોકોના મૃત્યુ

## યુરોપિયન યુનિયનના ૨૭ દેશોના ઉત્સર્જનથી એમેઝોન રેઈનફોરેસ્ટ અને દક્ષિણપૂર્વ આફ્રિકામાં ભારે હવામાન ઘટનાઓનું જોખમ લગભગ બમણું થઈ ગયું

નવીદિલ્હી,

વૈશ્વિક પર્યાવરણીય ન્યાય પર આધારિત તાજેતરના અભ્યાસમાં ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે એક દેશનું પ્રદૂષણ બીજા દેશની વસ્તી માટે ઘાતક બન્યું છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉદ્ભવતા વાયુ પ્રદૂષણ ભારતમાં દર વર્ષે આશરે ૧૨,૦૦૦ અને ચીનમાં ૩૮,૦૦૦ લોકોના મૃત્યુનું કારણ બને છે. તેવી જ રીતે, યુરોપિયન યુનિયનના ૨૭ દેશોના ઉત્સર્જનથી એમેઝોન રેઈનફોરેસ્ટ અને દક્ષિણપૂર્વ આફ્રિકામાં ભારે હવામાન ઘટનાઓનું જોખમ લગભગ બમણું થઈ ગયું છે. વૈજ્ઞાનિકો માને છે કે આ આંતરરાષ્ટ્રીય અસર વાતાવરણીય રસાયણશાસ્ત્ર, વૈશ્વિક હવા પ્રવાહો અને આબોહવા ઉષ્ણતાની ભૌતિક પ્રક્રિયાઓ દ્વારા પ્રેરિત છે.

પવનોને કોઈ સીમાઓ નથી હોતી, તેથી પ્રદૂષણ રાષ્ટ્રીય નહીં પણ વૈશ્વિક કટોકટી બની ગયું છે. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના વાતાવરણીય વૈજ્ઞાનિક પ્રોફેસર ડેનિયલ જેકબ સમજાવે છે કે ઉત્તર અમેરિકાના પ્રદૂષણના કણો જેટ સ્ટ્રીમ સાથે એશિયામાં મુસાફરી કરે છે, જ્યારે યુરોપના પ્રદૂષકો એમેઝોન બેસિન અને ઉષ્ણકટિબંધીય આફ્રિકા સુધી પહોંચે છે. હાર્વર્ડ ટી.એચ. ચાન સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના સંશોધકોએ શોધી કાઢ્યું છે કે ઔદ્યોગિક દેશોના સૂક્ષ્મ કણો એશિયન ચોમાસા સાથે અથડાય છે અને ભારત અને ચીનના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જમા થાય છે.

અભ્યાસમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે ગરીબ અને વિકાસશીલ દેશો, જે વૈશ્વિક ઉત્સર્જનમાં ઓછામાં ઓછું યોગદાન આપે છે, તેઓ પ્રદૂષણ સંબંધિત આફતોનો સૌથી મોટો બોજ સહન કરી રહ્યા છે. બીજી બાજુ, શ્રીમંત અને ઔદ્યોગિક રાષ્ટ્રોની ઉત્સર્જન-સંચાલિત જીવનશૈલી પૃથ્વીના ઈકોસિસ્ટમ પર અસમાન નિયંત્રણ જાળવી રાખે છે.

# યુ.એસ.માં શિયાળુ તોફાને મચાવ્યો હાહાકાર

## દેશભરમાં જીવલેણ પરિસ્થિતિઓ : પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમના અનેક રાજ્યોમાં ખતરનાક રીતે ભારે પવન અને ભારે હિમવર્ષા

નવીદિલ્હી,

યુનાઈટેડ સ્ટેટ્સમાં એક શક્તિશાળી શિયાળુ વાવાઝોડું ફૂંકાઈ રહ્યું છે, જેના કારણે પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમના અનેક રાજ્યોમાં ખતરનાક રીતે ભારે પવન અને ભારે હિમવર્ષા થઈ રહી છે. ૬૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા પવનો સાથે, પરિસ્થિતિઓ "જીવન માટે જોખમી" બનવાની ધારણા છે અને રાષ્ટ્રીય હવામાન સેવા (NWS) એ ઘણા પ્રદેશો માટે તાત્કાલિક ચેતવણીઓ જારી કરી છે.

શિયાળાના વાવાઝોડાની ચેતવણીઓથી પ્રભાવિત રાજ્યો કયા છે

અલાસ્કા, કોલોરાડો, ઈલિનોઈસ, આયોવા, વિસ્કોન્સિન અને વ્યોમિંગ સહિત અનેક રાજ્યો માટે શિયાળુ વાવાઝોડાની ચેતવણીઓ અમલમાં છે. આ ચેતવણીઓ જારી કરવામાં આવી છે કારણ કે વાવાઝોડું પશ્ચિમથી પૂર્વ તરફ આગળ વધે છે, જેના કારણે મુસાફરી જોખમી અને ભારે ઠંડીનું કારણ બને છે.-

વિસ્કોન્સિનના લા ક્રોસમાં NWS કાર્યાલયે અહેવાલ આપ્યો છે કે બરફ રાતોરાત આ વિસ્તારમાં છવાઈ જશે, પૂર્વ તરફ આગળ વધશે. ક્લેટન અને ગ્રાન્ટ કાઉન્ટીઓમાં સૌથી ભારે હિમવર્ષા થવાની ધારણા છે. રસ્તાની સ્થિતિ લપસણી હોવાની આગાહી છે, તેથી ઉત્તરપૂર્વ આયોવા અને દક્ષિણપશ્ચિમ વિસ્કોન્સિનમાં ડ્રાઈવરોએ ખૂબ કાળજી રાખવી જોઈએ.

આયોવામાં, શિયાળાના વાવાઝોડાની ચેતવણીઓ સવારે ૩ વાગ્યા સુધી CST સુધી અમલમાં રહેશે, ફ્લોયડ, ચિકાસો અને ફેયેટ કાઉન્ટીઓ માટે ભારે બરફ અને ખતરનાક રસ્તાની સ્થિતિની આગાહી કરવામાં આવી છે. રવિવારે સવારે ૬ વાગ્યા સુધી ડાયસાર્ટ, આયોવા ફોલ્સ અને ગ્લેડબ્રુક જેવા મધ્ય આયોવા શહેરોને પણ જોખમી મુસાફરીનો સામનો કરવો પડશે. દ્વઉજી એ ચેતવણી આપી હતી કે પૂર્વ મધ્ય અને ઉત્તરપૂર્વ આયોવા તેમજ ઈલિનોઈસના કેટલાક ભાગોમાં મુસાફરી "ખૂબ જ મુશ્કેલ" બની શકે છે, જ્યાં બરફથી ઢંકાયેલા રસ્તાઓ અપેક્ષિત છે.

કોલોરાડોમાં, એલ્કહેડ અને પાર્ક પર્વતોમાં ૩ ઈંચ સુધી બરફ પડી શકે છે અને ૩૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દિવસના મોટા ભાગના સમય માટે અને રવિવારની શરૂઆતમાં, ખાસ કરીને પર્વતીય રસ્તાઓ પર મુસાફરી "ખૂબ જ મુશ્કેલથી અશક્ય" રહેવાની ધારણા છે.

અલાસ્કા કેટલીક સૌથી ખરાબ પરિસ્થિતિઓ માટે તૈયાર છે, રવિવાર સવારથી સોમવાર રાત સુધી ચેતવણીઓ અમલમાં છે. હાઈડર જેવા વિસ્તારોમાં ૨૦ ઈંચ સુધી બરફ એકઠો થવાની ધારણા છે, જેમાં ભારે પવન ફૂંકાય છે. મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે જ્યાં સુધી ખૂબ જ જરૂરી ન હોય ત્યાં સુધી મુસાફરી ટાળો, કારણ કે ઠંડુ તાપમાન અને તીવ્ર બરફ અત્યંત જોખમી પરિસ્થિતિઓ બનાવી શકે છે.

હાઈડર ઉપરાંત, સ્કાગવે, હેઈન્સ બરો અને ક્લુકવાનમાં ૧૨ થી ૧૮ ઈંચ બરફ અને ૫૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. વ્હાઈટ પાસ નજીક પવનની ઠંડી શૂન્યથી ૨૦ ડિગ્રી નીચે આવી શકે છે, જે ૩૦ મિનિટમાં ખુલ્લી ત્વચા પર હિમ લાગવા માટે ગંભીર જોખમ ઊભું કરે છે.

વ્યોમિંગમાં સીએરા માદ્રે અને સ્નોવી રેન્જમાં પણ શિયાળામાં તોફાનની ચેતવણી આપવામાં આવી છે, જેમાં ૫ થી ૧૦ ઈંચ બરફ પડવાની શક્યતા છે, તેમજ ૬૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. દૃશ્યતામાં ઘટાડો અને બરફ ફૂંકવાથી મુસાફરી અત્યંત જોખમી બનશે, અને તૈયારી વિના બહાર રહેવાથી જીવલેણ પરિસ્થિતિઓ સર્જાઈ શકે છે. હાઈકર્સ અને સ્નોમોબિલર્સ ખાસ કરીને જોખમમાં છે, કારણ કે હિમ લાગવાથી ચામડીનું સૂજવું અને હાયપોથર્મિયા ઝડપથી વિકસી શકે છે.

# સાઉદી અરેબિયાએ હજ યાત્રાળુઓ માટે ફરજિયાત ડિજિટલ પાસ નુસુક કાર્ડ રજૂ કર્યું




જેદ્દા,

સાઉદી અરેબિયાના પશ્ચિમી ક્ષેત્રમાં જીઝાન નજીક એક ભયંકર માર્ગ અકસ્માત થયો હતો જેમાં નવ ભારતીયોના કરૂણ મોત થયા હતા. જેદ્દામાં સ્થિત ભારતીય કોન્સ્યુલેટે માર્ગ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો અને અસરગ્રસ્ત પરિવારોને સંપૂર્ણ સહાયની ખાતરી આપી. દૂતાવાસે કહ્યું કે તે સ્થાનિક અધિકારીઓ અને પીડિતોના સંબંધીઓ બંનેના સંપર્કમાં છે.

જેદ્દા સ્થિત ભારતીય કોન્સ્યુલેટે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. દૂતાવાસે કહ્યું, "જેદ્દામાં ભારતના કોન્સ્યુલેટ જનરલ સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યા છે અને સ્થાનિક અધિકારીઓ સાથે સંપૂર્ણ સંપર્કમાં છે. અમે ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરીએ છીએ. વધુ પૂછપરછ માટે એક સમર્પિત હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પણ સાઉદી અરેબિયાના જીઝાન નજીક થયેલા માર્ગ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. વિદેશ મંત્રીએ કહ્યું કે તેમણે જેદ્દામાં ભારતીય કોન્સ્યુલેટ સાથે વાત કરી છે અને ત્યાંના અધિકારીઓ પીડિતોના પરિવારો સાથે સતત સંપર્કમાં છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે માઈક્રોબ્લોગિંગ સાઈટ ઠ પર લખ્યું, "આ અકસ્માત અને જાનહાનિ વિશે જાણીને દુઃખ થયું. જેદ્દામાં અમારા કોન્સ્યુલ જનરલ સાથે વાત કરી જેઓ પરિવારોના સંપર્કમાં છે. તેઓ આ દુઃખદ પરિસ્થિતિમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપે છે."

# વિવાદાસ્પદ નિવેદન બદલ નવજોત કૌર સિદ્ધુને કોંગ્રેસ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા

નવીદિલ્હી,

પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વારિંગે ભૂતપૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસ નેતા નવજોત સિદ્ધુના પત્ની ડૉ. નવજોત કૌરને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. મુખ્યમંત્રી પદ માટે નવજોત કૌરના ?૫૦૦ કરોડના નિવેદનથી પાર્ટીમાં પહેલેથી જ ખળભળાટ મચી ગયો હતો. આ પછી, નવજોત કૌરે સોમવારે એક મીડિયા ચેનલ પર ફરી જણાવ્યું કે પંજાબ કોંગ્રેસ પ્રમુખ રાજા વારિંગે ?૫ કરોડમાં કાઉન્સિલરની ટિકિટ વેચી છે. અમરિંદર રાજા વારિંગ, ચરણજીત ચન્ની, સુખજિંદર રંધાવા અને પ્રતાપ સિંહ બાજવા પંજાબના મુખ્યમંત્રી બનવા માંગે છે અને કોંગ્રેસ પાર્ટીને નષ્ટ કરવાનું કામ કરી રહ્યા છે. મોડી સાંજે, કોંગ્રેસ અધ્યક્ષે નવજોત કૌરને પ્રાથમિક સભ્યપદમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય જાહેર કર્યો.

નવજોત કૌર સિદ્ધુના જવાબમાં, ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને સાંસદ સુખજિંદર રંધાવા સિદ્ધુના પિતાનો સંપર્ક કર્યો. તેમણે નવજોત કૌરને પૂછ્યું કે તેમના પતિએ કોંગ્રેસ સરકારમાં નંબર ટુ મંત્રી બનવા માટે કેટલા પૈસા ચૂકવ્યા હતા અને પંજાબ કોંગ્રેસ પ્રમુખ બનવા માટે તેમણે કેટલા પૈસા ચૂકવ્યા હતા. સિદ્ધુના પિતા પણ એડવોકેટ જનરલ (એજી) બન્યા, શું તેઓ પણ પૈસા આપીને એક બન્યા?

# કુખ્યાત નક્સલ કમાન્ડર રામધર મજ્જીએ ૧૧ સાથીઓ સાથે આત્મસમર્પણ કર્યું

## નક્સલીઓના આત્મસમર્પણ સાથે, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ ઝોન નક્સલમુક્ત બન્યા

નવીદિલ્હી,

છત્તીસગઢના બકરકટ્ટામાં આજે સવારે કુખ્યાત નક્સલી કમાન્ડર રામધર મજ્જીએ આત્મસમર્પણ કર્યું. રામધર મજ્જી હિડમા જેવો નક્સલવાદી હતો. તેની સાથે, અન્ય ૧૨ ખતરનાક નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. સેન્ટ્રલ કમિટી મેમ્બર રામધર મજ્જી માટે ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ નક્સલીઓના આત્મસમર્પણ સાથે, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ ઝોન નક્સલમુક્ત બન્યા છે.

શરણાગતિ સ્વીકારનારા નક્સલીઓમાં રામધર મજ્જી, ત્રણ ડિવિઝનલ વાઈસ કમાન્ડર અને અન્ય મુખ્ય સભ્યોનો સમાવેશ થાય છે. તેમની પાસેથી એકે-૪૭, આઈએનએસએએસ રાઈફલ્સ અને જીન્ઈ જેવા ઘાતક શસ્ત્રો પણ મળી આવ્યા છે.

માહિતી અનુસાર, રામધર મજ્જી ઉત્તર બસ્તર ડિવિઝનમાં સક્રિય હતો. તેણે ખૈરાગઢના કુમ્હી ગામમાં બરકટ્ટા પોલીસ સ્ટેશનમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. તેની સાથે, ડિવિઝનલ કમિટી મેમ્બર રેક્ર ચંદુ ઉસેન્ડી, લલિતા, જાનકી અને પ્રેમ જેવા ખતરનાક નક્સલીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આમાંથી બે નક્સલીઓ એકે-૪૭ અને આઈએનએસએએસ હથિયારોથી સજ્જ હતા. એરિયા કમિટી મેમ્બર લેવલના નક્સલીઓ રામ સિંહ દાદા અને સુકેશ પોટ્ટમે પણ આત્મસમર્પણ કર્યું. પાર્ટી મેમ્બર લક્ષ્મી, શીલા, યોગિતા, સાગર અને કવિતાએ પણ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. પોલીસ તેમના નેટવર્ક અને પ્રવૃત્તિઓ વિશે વધુ માહિતી મેળવવા માટે તેમની પૂછપરછ કરી રહી છે.

# સ્વતંત્રતા દિવસના વિરોધ પ્રદર્શન પહેલા તાંઝાનિયાએ નાગરિકોને ઘરે રહેવા વિનંતી કરી

નૈરોબી,

તાંઝાનિયાના વડા પ્રધાને લોકોને ઘરે રહેવા વિનંતી કરી, જ્યારે ઓક્ટોબરની ચૂંટણીની આસપાસ સરકાર વિરોધી પ્રદર્શનોના હિંસક દમન સામે કાર્યકરોએ વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે.

સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે, વિરોધ પ્રદર્શનોમાં સેંકડો લોકો માર્યા ગયા હોવાની શક્યતા છે, જે મુખ્ય વિપક્ષી ઉમેદવારોને બાકાત રાખવાથી ભડક્યા હતા. રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસનને લગભગ ૯૮% મતો સાથે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

સરકારે પોતાનો મૃત્યુઆંક આપ્યા વિના, લોકો માર્યા ગયા હોવાનો સ્વીકાર કર્યો છે, પરંતુ પોલીસે વધુ પડતા બળનો ઉપયોગ કર્યો હોવાના આરોપોને તેણે નકારી કાઢ્યા છે.

ગત મહિને ૯ ડિસેમ્બરે, જે દિવસે મુખ્ય ભૂમિ તાંઝાનિયાએ બ્રિટનથી સ્વતંત્રતા મેળવી હતી, તે દિવસે સોશિયલ મીડિયા પર વિરોધ પ્રદર્શન માટે ફરતા કોલ પછી, વડા પ્રધાન મ્વિગુલુ નચેમ્બાએ જાહેરાત કરી હતી કે આ વર્ષે કોઈ સત્તાવાર ઉજવણી નહીં થાય.

સોમવારે સરકારી માહિતી કેન્દ્રના ઠ એકાઉન્ટ પર પોસ્ટ કરાયેલા એક વિડિઓમાં બોલતા, તેમણે અપેક્ષિત વિરોધનો સીધો ઉલ્લેખ કર્યા વિના, લોકોને ઘરે રહેવા વિનંતી કરી.

"સરકાર ૯ ડિસેમ્બરે કટોકટી ન હોય તેવા તમામ નાગરિકોને આરામ કરવા અને ઘરે ઉજવણી કરવાની સલાહ આપે છે, સિવાય કે જેમની કાર્ય ફરજો માટે તેમને તેમના કાર્યસ્થળ પર હાજર રહેવાની જરૂર હોય તેવા લોકો સિવાય," તેમણે કહ્યું.

પોલીસે શુક્રવારે કહ્યું કે કોઈપણ પ્રદર્શન ગેરકાયદેસર રહેશે કારણ કે અધિકારીઓને આયોજકો તરફથી કોઈ ઔપચારિક સૂચના મળી નથી.

સાક્ષીઓએ જણાવ્યું હતું કે સોમવારે વ્યાપારી રાજધાની દાર એસ સલામ અને ઉત્તરીય શહેર અરુશામાં મુખ્ય રસ્તાઓ પર પોલીસ અને સેનાની ભારે તૈનાતી જોવા મળી હતી.

હાસને ચૂંટણી સંબંધિત હિંસાની તપાસ માટે એક કમિશનની નિમણૂક કરી છે પરંતુ વારંવાર નકારી કાઢ્યું છે કે સુરક્ષા દળોએ અયોગ્ય રીતે કાર્ય કર્યું છે અને વિરોધીઓ પર સરકારને ઉથલાવી પાડવાનો આરોપ મૂક્યો છે.

યુનાઈટેડ સ્ટેટ્સે ગયા અઠવાડિયે કહ્યું હતું કે તે નાગરિકો સામે હિંસા તેમજ ધાર્મિક સ્વતંત્રતા, વાણી સ્વતંત્રતા અને રોકાણ અવરોધો અંગેની ચિંતાઓને લઈને તાન્ઝાનિયા સાથેના તેના સંબંધોની સમીક્ષા કરી રહ્યું છે.

# તમે ચૂંટણી માટે અહીં છો, અમે દેશ માટે અહીં છીએ: પ્રિયંકા ગાંધીએ પીએમ મોદી અને ભાજપ પર પ્રહાર કર્યા

## ચૂંટણીમાં હાર પણ કોંગ્રેસને સંસદમાં અવાજ ઉઠાવતા અટકાવશે નહીં

નવી દિલ્હી,

લોકસભામાં વંદે માતરમ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના સભ્યો પર આકરા પ્રહારો કર્યા, અને તેમના પર રાષ્ટ્રીય હિત કરતાં ચૂંટણી રાજકારણને પ્રાથમિકતા આપવાનો આરોપ લગાવ્યો. ગૃહમાં વારંવાર વિક્ષેપો અને હોબાળા વચ્ચે, ગાંધીએ કહ્યું કે શાસક પક્ષ ચૂંટણીઓ દ્વારા પ્રેરિત છે, જ્યારે કોંગ્રેસ દેશના મુખ્ય મૂલ્યો માટે લડવા માટે પ્રતિબદ્ધ છે. "તમે અહીં ચૂંટણી માટે બેઠા છો, અમે અહીં રાષ્ટ્ર માટે બેઠા છીએ," તેમણે ભાજપના સાંસદોને કહ્યું. તેમણે ઉમેર્યું કે ચૂંટણીમાં હાર પણ કોંગ્રેસને સંસદમાં અવાજ ઉઠાવતા અટકાવશે નહીં. "જો આપણે ચૂંટણી હારતા રહીશું, તો પણ અમે અહીં બેસીને તમારી સામે લડતા રહીશું," તેમણે કહ્યું.

'વંદે માતરમ પર ચર્ચા હવે શા માટે?'

વાયનાડના સાંસદે સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન વંદે માતરમ પર ચર્ચાની જરૂરિયાત પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, અને આરોપ લગાવ્યો કે સરકાર મહત્વપૂર્ણ મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. રાષ્ટ્રગીત પર ચર્ચા દરમિયાન બોલતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વંદે માતરમનું રાજકારણ કરવાનું કોઈ વાજબી કારણ નથી. તેમણે દાવો કર્યો હતો કે આગામી પશ્ચિમ બંગાળ ચૂંટણીના સંદર્ભમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. "વંદે માતરમ પર ચર્ચા કરવાની જરૂર કેમ છે? સરકાર જનતાનું ધ્યાન ભટકાવવા માંગે છે," તેમણે ઉમેર્યું હતું કે બંગાળની ચૂંટણીને કારણે આ ચર્ચાને વેગ મળી રહ્યો છે.

કોંગ્રેસના નેતાએ વંદે માતરમને હિંમત અને બલિદાનનું પ્રતીક ગણાવ્યું. "વંદે માતરમ આપણને હિંમતની યાદ અપાવે છે. તે આપણા આત્માનો એક ભાગ છે," પ્રિયંકા ગાંધીએ ગૃહમાં રાષ્ટ્રીય ગીતના ભાવનાત્મક અને ઐતિહાસિક મહત્વ પર ભાર મૂકતા કહ્યું.

'સરકાર ધ્યાન હટાવવા માટે સ્વાતંત્ર્ય સેનાનીઓને નિશાન બનાવી રહી છે'

ગાંધીએ મોદી સરકાર પર ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં લડનારા અને રાષ્ટ્ર માટે અપાર બલિદાન આપનારાઓ સામે નવા આરોપો લગાવવાનો આરોપ લગાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર લોકો માટે સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે શાસક સરકાર નાગરિકોને અસર કરતી ચિંતાઓથી ધ્યાન હટાવવા માટે જાણી જોઈને વિવાદો ઉભા કરી રહી છે. "આ સરકાર દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનારાઓ સામે નવા આરોપો લગાવવાની તક ઈચ્છે છે, ફક્ત રાષ્ટ્રને વાસ્તવિક મુદ્દાઓથી ભટકાવવા માટે," તેમણે કહ્યું.

# કોલકાતાના બ્રિગેડ ગ્રાઉન્ડમાં પાંચ લાખ હિન્દુઓએ સાથે મળીને ગીતાનો પાઠ કર્યો; ધીરેન્દ્ર શાસ્ત્રી પણ તેમાં જોડાયા

## બાગેશ્વર ધામ સરકારે ફરી એકવાર ભગવા-એ-હિંદ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

કોલકતા,

૬ ડિસેમ્બરે, વિધાનસભા ચૂંટણીના સમયે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ ચર્ચાનો વિષય બન્યો હતો. બીજા દિવસે, ૭ ડિસેમ્બરે, કોલકાતામાં પાંચ લાખથી વધુ સનાતનીઓ ગીતા પાઠ માટે ભેગા થયા હતા, જેનાથી વાતાવરણ ભગવા થઈ ગયું હતું. કોલકાતાના પરેડ ગ્રાઉન્ડ પર ભેગા થયેલા હિન્દુઓએ સનાતન ધર્મની શક્તિનું પ્રદર્શન કર્યું હતું, ત્યારે આ કાર્યક્રમમાં હાજર રહેલા બાગેશ્વર ધામ સરકારે ફરી એકવાર ભગવા-એ-હિંદ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

કોલકાતામાં ગીતા પ્રચાર સમિતિના સમૂહ ગીતા પાઠ માટે દેશભરના સંતો અને મહાત્માઓ એકઠા થયા હતા, અને મોટી સંખ્યામાં હિન્દુઓએ પણ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. ભાજપનો દાવો છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જીને આ ગીતા પાઠ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા.

જ્યારે સનાતન ધર્મ બંગાળમાં એક મજબૂત શક્તિ છે, ત્યારે બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરનાર મમતા બેનર્જીની પાર્ટીના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીર, હવે ખુલ્લેઆમ મમતા બેનર્જીનો સામનો કરી રહ્યા છે. ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરનારા હુમાયુ કબીરે જાહેરાત કરી હતી કે તેઓ ૨૨ ડિસેમ્બરે એક નવી પાર્ટીની જાહેરાત કરશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેઓ આગામી વિધાનસભા ચૂંટણી અસદુદ્દીન ઓવૈસીના એઆઈએમઆઈએમ સાથે ગઠબંધનમાં લડશે.

મુર્શિદાબાદમાં નવી બાબરી મસ્જિદનું બાંધકામ હજુ શરૂ પણ થયું નથી, પરંતુ બંગાળ અને ઉત્તર પ્રદેશના લોકો હુમાયુના સમર્થનમાં મુર્શિદાબાદ આવી રહ્યા છે. ઈંટો લાવવામાં આવી રહી છે અને ઊઈ કોડ દ્વારા દાન આપવામાં આવી રહ્યું છે. મુર્શિદાબાદમાં નવી બાબરી મસ્જિદ માટે દસ લાખ ઈંટો એકઠી કરવામાં આવી છે. લગભગ ૩ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા છે. બાબરી મસ્જિદને લઈને મુસ્લિમોના સમર્થનથી સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય ખુશ છે.

મુર્શિદાબાદમાં, રામ મંદિરનો શિલાન્યાસ સમારોહ બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહના દિવસે જ યોજાયો હતો. મુર્શિદાબાદમાં, ભાજપના નેતા સખારોવ સરકારે અયોધ્યામાં રામ લલ્લા મંદિરની જેમ નવા મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ સમારોહ કર્યો હતો. રામ મંદિર ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

# પાકિસ્તાનમાં આતંકવાદીઓ સામે કાર્યવાહી ખૈબર પખ્તુનખ્વામાં ૬ આતંકવાદીઓ માર્યા ગયા

પેશાવર,

પાકિસ્તાનમાં વધતી જતી આતંકવાદી ઘટનાઓને ધ્યાનમાં રાખીને, શરીફ સરકારે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી શરૂ કરી છે. પાકિસ્તાની સેના અને સુરક્ષા દળોએ સોમવારે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આતંકવાદીઓ સામે કાર્યવાહી શરૂ કરી. આ કાર્યવાહીમાં ઓછામાં ઓછા છ આતંકવાદીઓ માર્યા ગયા, જ્યારે એક સુરક્ષા કર્મચારી પણ માર્યો ગયો. આ કાર્યવાહી દરમિયાન ઘણા અન્ય આતંકવાદીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદીઓ સામેનું ઓપરેશન અફઘાનિસ્તાનની સરહદે આવેલા આદિવાસી જિલ્લાના સોરન પાસ વિસ્તારમાં શરૂ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં આતંકવાદીઓને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ છે. ઓપરેશન વિશે વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે ત્રણ સુરક્ષા કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા.

ખૈબર પખ્તુનખ્વા ઉપરાંત, પંજાબ પ્રાંતમાં આતંકવાદીઓ સામે એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન બાર આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આતંકવાદીઓને પકડવા માટે પંજાબમાં પણ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. પંજાબ કાઉન્ટર-ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ (ઝ્રઢ) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે લાહોર, ફૈસલાબાદ અને બહાવલપુરમાં ગુપ્તચર માહિતી આધારિત ઓપરેશન દરમિયાન આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. નિવેદન અનુસાર, આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો અને વિસ્ફોટકો મળી આવ્યા હતા.

# 'ચાંચડી ઘડાવું છું, કાલે સવારે આવું છું':અમરેલીથી ગીરસોમનાથ તથા જૂનાગઢ જિલ્લાને જોડતા રેલ્વે માર્ગ વચ્ચે ટ્રેન આવતી નથી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાને અગાઉ ગીરસોમનાથ (વેરાવળ) તથા જૂનાગઢ જિલ્લાને જોડતા રેલ્વે માર્ગ બ્રોડગેજમાં રૂપાંતર કરવાનાં બહાને માત્ર છ મહિના માટે ટ્રેન બંધ કરવામાં આવ્યાં બાદ હજુ લાંબાં સમયથી ટ્રેન બંધ હોય, લોકો આ રેલ્વે સેવા શરૂ થાય તેની કાગડોળે રાહ જોઈ રહયાં છે. પરંતુ કાગડાં અને કાબરની વાર્તા સમાન 'ચાંચડી ઘડાવું છું. કાલે સવારે આવું છું'. માફક અમરેલીથી ગીરસોમનાથ તથા જૂનાગઢ જિલ્લાને જોડતા રેલ્વે માર્ગ વચ્ચે ટ્રેન આવતી નથી.

અમરેલી શહેરનાં રેલ્વે સ્ટેશનમાં નવિનીકરણ કરવાં માટે અમરેલીથી ગીરસોમનાથ તથા જૂનાગઢ જિલ્લાને જોડતા રેલ્વે માર્ગ વચ્ચે ટ્રેન બંધ કરાયા બાદ આ ટ્રેનને અમરેલીના બદલે ધારીથી ગીરસોમનાથ (વેરાવળ) તથા જૂનાગઢ જિલ્લાને જોડતા રેલ્વે માર્ગ વચ્ચે ટ્રેન શરૂ કરવાંનું નક્કી કરાયા બાદ તે ટ્રેન ધારીથી પણ શરૂ કરવામાં આવેલ નથી.



ધારી શહેરને 'ન ભૂતો ના ભવિષ્ય' મુજબ તો બ્રોડગેજ સુવિધાનો લાભ તો મળવાનો નથી. આમ છતાં ધારીમાં અગાઉ મીટરગેજ ચાલતી ટ્રેન સુવિધા હાલ પૂરતી સંપૂર્ણ પણે છીનવાઈ ગઈ છે. કદાચ આ કાયમી બંધ કરી દેવામાં આવે તો પણ નવાઈ નહીં.

ધારીથી જૂનાગઢ અને ધારીથી વેરાવળની ટ્રેન શરૂ કરવામાં આવે તેવી માંગણી આ વિસ્તારના લોકો લાંબા સમયથી કરી રહ્યા છે. છેલ્લા છ માસથી સાંસદ ભરત સુતરીયા પણ રેલવે અધિકારીઓ સાથે બેઠક યોજી રહ્યા છે. અને ટુંક સમયમાં ટ્રેન શરૂ થઈ જશે. તેવી વાતો કરે છે. પરંતુ ટ્રેન શરૂ થવાના કોઈ એધાણ મળતા નથી.

બે માસ પહેલા ધારી રેલવે સ્ટેશન ઉપર સફાઈની કામગીરી હાથ ધરાય હતી. ત્યારે તો લોકોને આશા બંધાય હતી કે ટ્રેન શરૂ થશે. પરંતુ ટ્રેન શરૂ થઈ ના હતી. બે-ત્રણ દિવસ પહેલા પણ રેલ કર્મચારીઓ રેલ્વે ટ્રેક પર કામ કરતા નજરે પડ્યા હતાં. ત્યારે પણ લોકોને લાગ્યું કે હવે ટ્રેન તો શરૂ થશે જ. પરંતુ હાલમાં ટ્રેન શરૂ થવાના કોઈ એધાણ ન હોય જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીસ વર્ષ પહેલાં ધારી રેલ્વે સ્ટેશન ઉપર દરરોજ વેરાવળ ખીજડીયા વચ્ચે દોડતી ચાર ટ્રેન અને એક ટ્રેન ખીજડીયા ધારી વચ્ચે ચાલતી હતી. જ્યારે એક ટ્રેન ધારી જૂનાગઢ વચ્ચે ચાલતી હતી આમ ધારી રેલ્વે સ્ટેશન ઉપર રોજ છ - છ ટ્રેન આવતી હતી. તે પૈકી એક ટ્રેન ખીજડીયા ધારી અને એક ધારી જૂનાગઢ વચ્ચે ચાલતી ટ્રેન રાત્રીનાં સમયે ધારીમાં રોકાણ કરતી હતી. જેને લઈ ધારી રેલ્વે સ્ટેશન સતત ધમધમતું હતું. જે આજે તે રેલ્વે સ્ટેશન ટ્રેન વિહોણું ઉજ્જડ વેરાન જોવાં મળી રહ્યું છે.

# અમરેલીમાં વિમાન દુર્ઘટના સહેજમાં ટળી : રન-વે પરથી ટ્રેનિંગ પ્લેન નીચે ઉતરી ગયું

## એરપોર્ટ ઓથોરિટીએ બનાવ છૂપાવવા માટે પ્રયાસ કર્યો પરંતુ પ્રાંત અધિકારીએ ઘટનાની પુષ્ટિ આપી

અમરેલી: અમરેલી એરપોર્ટ પર ફરી એકવાર વિમાની દુર્ઘટના સર્જાતા સહેજમાં રહી ગઈ છે. અહીં સવારે ટ્રેનિંગ સેન્ટરનું એક વિમાન અચાનક રન-વે પરથી નીચે ઉતરી ગયું હતું. જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ વારંવાર બનતી આવી ઘટનાઓએ સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે.મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે અમરેલી એરપોર્ટ પર રાબેતા મુજબ ટ્રેનિંગ ચાલી રહી હતી ત્યારે એક ટ્રેનિંગ પ્લેન રન-વે પર આવતાં જ અચાનક સ્લીપ થઈ ગયું હતું અને રન-વે પરથી નીચે ઉતરી



ગયું હતું. જોકે પાયલોટનો બચાવ થયો હતો .આ ઘટના બાદ એરપોર્ટ ઓથોરિટીની કામગીરી શંકાના દાયરામાં આવી છે. ઘટના બન્યા બાદ તેને દબાવી દેવા માટે હવાતિયા મારવામાં આવ્યા હતા. એરપોર્ટ આથોરિટીએ આ અંગે મૌન સેવી લીધું હતું અને વાત છૂપાવી હતી. જોકે, બાદમાં અમરેલીના પ્રાંત અધિકારીએ આ ઘટના બની હોવાની સત્તાવાર પુષ્ટિ કરી હતી. એરપોર્ટ મેનેજરના જણાવ્યા અનુસાર, પ્લેન સ્લીપ થવાના કારણે આ ઘટના બની હતી.અમરેલી એરપોર્ટ પર રન-વે પરથી પ્લેન ઉતરી જવાની આ બીજી ઘટના છે. અગાઉ પણ રન-વે પરથી પ્લેન ઉતરી જવાની એક ઘટના બની ચૂકી છે. ભૂતકાળમાં બનેલી આવી જ એક ગંભીર દુર્ઘટનામાં પ્લેન ક્રેશ થતાં એક પાયલોટનું મોત પણ થયું હતું. વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતાં ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# બાબરા તાલુકાના કરિયાણા ગામે ખાનગી સ્કૂલ ફીમાં ગોલમાલ મુદ્દે વાલીઓનો હલ્લાબોલ

બાબરા:બાબરા તાલુકાના કરીયાણા ગામે એક ખાનગી સ્કૂલમાં વધુ ફી વસુલવામાં આવી રહી છે અને સંચાલકોએ માત્ર કાચી પહોંચ આપ્યા હોવાના આક્ષેપ સાથે રત્નકલાકાર વાલીઓએ સ્કૂલ પર હલ્લાબોલ કરી સુત્રોચ્ચાર કર્યા હતા અને શિક્ષણ વિભાગમાં ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી. બાબરા તાલુકાના કરીયાણા ગામે આવેલ ચાણક્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સામે વાલીઓમાં આ આક્રોષ જોવા મળ્યો હતો. આજે શાળા ખાતે ધસી ગયેલા વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે શાળાના સંચાલકો દ્વારા ધારા ધોરણ કરતા વધુ ફી વસુલ



કરવામાં આવી રહી છે. એટલું જ નહી વિદ્યાર્થીઓને માત્ર કાચી પહોંચ આપવામાં આવે છે.પાકી પહોંચ પણ આપવામાં આવતી નથી. આ મુદ્દે ગામના વાલીઓ એવા રત્નકલાકારોએ એકઠા થઈ સરકારી સહાયની આવેલી રકમને બાદ કરતા વધારાની રકમ શાળા આપતી ન હોવાનો આક્ષેપ કર્યો હતો અને શાળા પરિસરમાં સુત્રોચ્ચાર પણ કર્યા હતા. તેમણે ખાનગી શાળા સ્કૂલ ફી વસુલીમાં ગોલમાલ કરતી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે તેમણે જિલ્લા કલેકટર અને શિક્ષણ વિભાગમાં પણ રજૂઆત કરી છે.

વાલીઓને સમજણ ફેર થઈ છે. અમે એફઆરસીના હુકમ મુજબ જ ફી વસુલી છે અને અમે દરેક વાલીને તેની પહોંચ પણ આપી છે: વિપુલ બડમલીયા, ચાણક્ય સ્કૂલના સંચાલક

# આંબરડીમાં ફરીવાર ત્રાટક્યા સિંહો બજારમાં આંટા મારી ૪ પશુના શિકાર કર્યા

અમરેલી:અમરેલી જિલ્લામાં ગામડાની બજારોમાં સિંહોના આંટા ફેરા હવે સામાન્ય બની ગયા છે.રહેણાંક વિસ્તારોમાં સિંહો આવી ચડી પશુઓનો શિકાર કરવાની ઘટના છાશ વારે બનતી રહે છે.ગઈ મોડી રાત્રે ૨ વાગ્યે સાવરકુંડલાના આંબરડી ગામમાં એક સિંહણ બે બચ્ચા સાથે ત્રાટકી હતી. ગામની બજારમાં અલગ અલગ ૪ જગ્યાએ વાછરડાનો શિકાર કર્યો હતો.પ્રથમ શિકાર મેડિકલ સ્ટોર પાસે કરી સિંહણ બીજો શિકાર કરવા ઊભી બજારે ચડી હતી અને ગાયત્રી ફરસાણની દુકાન પાસે સૂતેલા વાછરડાને દબોચી સિંહણ નાસી છૂટી હતી.



બાજુની શેરીમાં અન્ય બે ગાયનો શિકાર કરતા પશુઓમાં નાસભાગ મચી ગઈ હતી. શિકારની ઘટના ગામમાં લાગેલા CCTV કેમેરામાંકેદ થઈ હતી. સિંહણે ગામમાં શિકાર કરતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ સિંહણ પોતાના બે બચ્ચા સાથે ગામમાં આવી હતી. સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામમાં અવારનવાર સિહોર રાત્રિના સમયે બજારમાં ચડી આવે છે. આ ઉપરાંત દીપડાની પણ અવરજવર રહ્યા છે. જેના કારણે રાત્રિના સમયે રાની પશુઓનો ભય રહે છે.

# સાવરકુંડલામાં ગૌશાળાના બળદ પર સાવજોનો હુમલો

સાવરકુંડલા:

સાવરકુંડલા-નેસડી રોડ પર આવેલી શ્રી કૃષ્ણ ગૌશાળામાં રવિવારે રાત્રે ગિરનો એક સિંહ ઘૂસી આવ્યો હતો અને ગૌશાળાના એક બળદ પર હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી દીધો હતો. ગૌશાળાના સંચાલક બાલાભાઈ ભુવાએ તુરત જ સ્થાનિક પશુ ચિકિત્સક બ્રિજેશભાઈને જાણ કરી હતી. બ્રિજેશભાઈએ રાત્રે જ ઘટનાસ્થળે પહોંચીને બળદની તાત્કાલિક સારવાર શરૂ કરી. સિંહના પંજા અને દાંતના ઘા હોવા છતાં સમયસર સારવાર મળવાથી બળદનો જીવ બચી ગયો છે. હાલ બળદની હાલત સ્થિર છે અને તે



સારવાર હેઠળ છે. સાવજો શિકાર માટે કોઈપણ ગામમાં ઘૂસી જાય છે. અથવા જ્યાં પશુઓના વાડા હોય તેમાં કૂદી પડે છે. જ્યારે ગઈ રાત્રે તો એક સાવજ સાવરકુંડલા શહેર સુધી આવી ચડ્યો હતો.

# શેત્રુંજી નદીમાં રેતી ચોરીનો પર્દાફાશ: અમરેલી પોલીસે ૬૦ લાખથી કિંમતના ૧૦ વાહનો જપ્ત કર્યા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલીમાં ખનીજ ચોરીનાં બનાવો બેફામ વધ્યા હોય જેને લઈ અનેક વખત રાજકારણ પણ ગરમાય છે. તેમ છતાં પણ ખનીજ ચોરી અટકવાનું નામ પણ લેતી ના હોય ત્યારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. તથા અમરેલી ખાણખનીજ સહિતનાં સ્ટાફે અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે ગઈકાલે મોડી રાત રાત્રે દરોડા પાડી રેતી ચોરી કરતા ૬ ડમ્પર, ૧ ટ્રેક્ટર, ૨ જેસીબી, ૧ લોડર સહિતનાં સાધનોને ઝડપી લઈ રેતી ચોરીના લાખો રૂપિયાનો વાહન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને ખાણ ખનીજ વિભાગ દ્વારા દંડ સહિતની





કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બનાવ બાદ ખનીજ માફિયામાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાંથી પસાર થતી શેત્રુંજી નદી તથા આજુબાજુનાં વિસ્તારમાં વન્ય પ્રાણીઓ સિંહનો વસવાટ હોય જેને લઈ પર્યાવરણને ધ્યાને લઈ આવા વિસ્તારને ઈકોઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. ત્યારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. તથા અમરેલી ખાણખનીજ વિભાગને મળેલ બાતમીનાં આધારે બંને વિભાગના સ્ટાફે અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે ગઈકાલે મોડી રાત રાત્રે દરોડા પાડી રેતી ચોરી કરતા ૬ ડમ્પર, ૧ ટ્રેક્ટર, ૨ જેસીબી, ૧ લોડર સહિતનાં ૧૦ સાધનો કિંમત રૂપિયા ૮૨ લાખ તથા રેતી ૧૦૩ ટન કિંમત રૂપિયા ૫-૧૫ લાખ મળી કુલ રૂપિયા ૮૭-૧૫ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગેની વધુ તપાસ ખાણ ખનીજ વિભાગ દ્વારા હાથ ધરી દંડ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બનાવ બાદ ખનીજ માફિયામાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

અમરેલી નજીક શેત્રુંજી નદીમાંથી રેતી ઉપાડવા સહિતનાં પ્રતિબંધો લાદવામાં આવ્યાં છે. જેનાં કારણે કાયદેસર રીતે રેતી નહીં ઉપાડી શકાતી હોવાના કારણે ગેરકાયેદસર રીતે રેતીની ચોરી કરી અને કેટલાંક લોકો આ રેતીનાં ઉંચા ભાવે વેચાણ કરી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરે છે.

અમરેલી જિલ્લામાં રેતી ચોરીમાં અમુક મોટા માથાનાં નામ ચર્ચામાં રહેતાં હોય જેનાં કારણે રેતી ચોરીનાં બનાવમાં રાજકારણ પણ ગરમાતુ હોય છે. ત્યારે પોલીસ તથા ખાણખનીજ વિભાગ છાશવારે આવા દરોડા કરી માત્ર કાર્યવાહી કરે છે. જે આ ખનીજ ચોરી અટકાવી શકતાં નથી.

# અમરેલીમાં જેશીંગપરામાં પ્રેમ લગ્નમાં છુટાછેડા મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી

અમરેલી:

અમરેલીમાં જેશીંગપરામાં પ્રેમ લગ્નમાં છુટાછેડા મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. બંને પક્ષે સામસામે લાકડી વડે માર માર્યો હતો. તેમજ સામસામી ૧૦ લોકો સામે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. અમરેલીના જેશીંગપરા ખોડિયાર ચોકમાં રહેતા વિમલ પ્રિતમભાઈ આચાર્ય (ઉ.વ.૩૩)એ જીજ્ઞેશ બાબુભાઈ ગોસાઈ, કરણ ચાંગોદર, કાજલબેન, જીજ્ઞેશના મમી અને બેન સામે ગુનો નોંધાવતા જણાવ્યું હતું કે તેના મિત્ર કેવીને જીજ્ઞેશ ગોસાઈની ભત્રીજી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જે બાદ છુટાછેડા થઈ ગયા હતા. જેમાં વિમલ આચાર્ય સાક્ષી તરીકે રહ્યા હતા. જેનું મનદુઃખ રાખી જીજ્ઞેશે તેને ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત કરણે તેના પર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. આ ઉપરાંત પાંચેય શખ્સોએ ગાળો



આપી મારી નાખવાની ધમકી આપી હતી.જ્યારે કાજલબેન જયેશભાઈ ગોસાઈ (ઉ.વ.૪૦)એ સોનલબેન શૈલેષ ડોડિયા, શૈલેષ ડોડિયા, જય શૈલેષ ડોડિયા, વિમલ આચાર્ય અને ત્રુપ્તીબેન જય ડોડિયા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની દિકરીએ કેવીન સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. ૨૦ દિવસ પૂર્વે છુટાછેડા થઈ ગયા છે. તેમ છતાં કેવીન તેની દિકરીને મેસેજ કરતો હતો. જે અંગે પાંચેય શખ્સોના ઘરે સમજાવવા ગયા હતા. ત્યારબાદ સોનલબેન ડોડિયાએ તેને લાફા માર્યા હતા. ઉપરાંત વિમલ આચાર્યએ તેને વાસામાં લાકડાની પટ્ટી મારી હતી. તેમજ અન્ય લોકોએ તેના વાળ પકડી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાતા એએસઆઈ એસ.બી.સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પ્રાઈવેટ પાર્ટ બતાવી સગીરાની છેડતી!

## પોલીસે ગણતરીના કલાકમાં સરમણ કોડીયાતરને ઝડપી પાડ્યો, જૂનાગઢના કેશોદ તાલુકાનો બનાવ



જુનાગઢ:

જૂનાગઢના કેશોદ તાલુકાના એક ગામમાં સગીરા ખેતરમાં કામ કરી રહી હતી ત્યારે આરોપીએ પોતાનો પ્રાઈવેટ પાર્ટ બતાવી છેડતી કરતા ચકચાર મચી છે. ડરી ગયેલી સગીરાએ સમગ્ર મામલે તેના પિતાને જાણ કરતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ વિકૃત હરકત કરનારા શખસને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના એક ગામમાં સગીરા જ્યારે ખેતરમાં કામ કરી રહી હતી ત્યારે જ સરમણ કોડીયાતર નામનો આરોપી ત્યાં આવી પહોંચ્યો હતો અને એકલતાનો લાભ લઈ પોતાનો પ્રાઈવેટ પાર્ટ બતાવી છેડતી કરી હતી. આ બનાવથી સગીરા ગભરાઈ ગઈ હતી. સમગ્ર મામલે તેના પિતાને જાણ કરતા પિતાએ કેશોદ પોલીસ સ્ટેશનમાં સરમણ કોડીયાતર વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.આ મામલે કેશોદ એસ.પી. બી.સી. ઠક્કરે જણાવ્યું હતું કે, ગઈકાલે કેશોદ પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અને છેડતીનો ગુનો નોંધાયો હતો. જેમાં સગીર દીકરી સાથે યુવકે અભદ્ર ચેનચાળા કર્યાની ફરિયાદ મળી હતી. "અમને ફરિયાદ મળતાની સાથે જ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે ગણતરીની મિનિટોમાં જ આરોપી સરમણ કોડીયાતરને ઝડપી પાડ્યો હતો.પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને સમગ્ર મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે, જેથી આરોપીને કડક સજા મળે અને સમાજમાં દાખલો બેસે. ગ્રામ્ય વિસ્તારમાં આવા કિસ્સાઓ ન બને તે માટે કાયદાનો ડર પેદા કરવો આવશ્યક છે.

# આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુવક-યુવતીના મેરેજ સર્ટીમાં માતા-પિતાની સહી ફરજિયાત કરવા માંગ

કોડીનાર:કોડીનારના મિતિયાજના સરપંચ, આગેવાનોએ મામલતદારને



આવેદન આપ્યું હતું અને આંતરજ્ઞાતિ લગ્ન કરનાર યુવક-યુવતીના મેરેજ સર્ટીફિકેટમાં માતા-પિતાની સહમતી કે સહી ફરજિયાત લાગુ કરવા માંગ કરી છે.કોડીનાર તાલુકાના મિતીયાજ ગામના સરપંચ સુરપાલસિહ બારડ સામાજિક કાર્યકર લલિત વાળા શનિભાઈ બારડ, મનુભાઈ પરમાર, માનસિંહભાઈ મોરીએ લગ્ન સંબંધિત કોઈપણ સમાજના યુવક યુવતી આંતર જ્ઞાતિ સમાજ મા લગ્ન કરે તો માતા પિતા ની ફરજિયાત પણે લગ્ન મેરેજ સર્ટિફિકેટ મા સહમતી અને સહી જરૂરી બને તેવો કાયદો બનનાવવા મામલતદાર કોડીનાર ને આવેદન આપ્યું હતું.જેમાં વધુમાં જણાવ્યા અનુસાર જ્યારે કોઈપણ જ્ઞાતિ, સમાજ ના યુવક યુવતી પોતાના પરિવાર કે માતા પિતા ની મજુરી વગર આંતર જ્ઞાતિ સમાજ મા લગ્ન કરે ત્યારે માતા પિતા એ પોતાના સમાજ તેમજ જાહેર જીવન મા જીવન જીવવું મુશ્કેલ બને તેમજ અનેક મેણાં ટોણા કે સામાજિક રીતે અન્ય મોટા પડકારો નો સામનો કરવો પડે છે. જેથી લગ્ન સંબંધિત આંતર જ્ઞાતિમા લગ્ન કરતા યુવક, યુવતી ના મેરેજ સર્ટિફિકેટમા માતા પિતાની સહમતી, સહી ફરજિયાત બનાવી કાયદા મા જોગવાઈ દાખલ કરવા માંગ કરી છે. મામલતદારને આવેદન આપ્યું'તું,

# તાલાલા પંથકમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો



તાલાલા:

તાલાલા અને ગીર પંથકમાં સવારે ૧૦:૫૧ કલાકે ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ આંચકાને કારણે લોકો ભયભીત થઈને ઘર અને દુકાનોમાંથી બહાર દોડી આવ્યા હતા.ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપી સેન્ટર) તાલાલાથી ૧૨ કિલોમીટર દૂર ઉત્તર-પૂર્વ દિશામાં હરીપુર ગામ નજીકના જંગલ વિસ્તારમાં નોંધાયું હતું. ભૂકંપ જમીનની સપાટીથી માત્ર ૪.૧ કિલોમીટરની ઓછી ઊંડાઈએ ઉદ્ભવ્યો હોવાથી તેની તીવ્રતા વધુ અનુભવાઈ હતી.સ્થાનિક લોકોએ ધડામ દઈને ધરતી ધ્રુજતી અનુભવી હતી. આ ઘટનાની જાણ તાલાલા મામલતદાર કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ કરવામાં આવી હતી.જોકે, ભૂકંપની અસર માત્ર ત્રણ સેકન્ડ સુધી જ રહી હોવાથી કોઈ પ્રકારની જાનમાલની નુકસાની નોંધાઈ નથી. તેમ છતાં, પંથકના લોકોમાં ભૂકંપનો ભય વ્યાપી ગયો છે.

# દરિયામાં ટોકન વગર માછીમારી કરવા ગયેલા ૬ સામે કાર્યવાહી

અમરેલી:જાફરાબાદના સામાકાંઠા જેટીથી આરતીદર્શન નંબર આઈ.એન.ડી. જી.જે.૧૪.એમ .એમ-૧૬૯ની બોટમાં માછીમારો દરિયામાં ટોકન વગર માછીમારી કરવા ગયા હતા. ૭ ડીસેમ્બરના રોજ આ માછીમારો ફીશીંગ કરી પરત જેટી પર આ માછીમારો આવ્યા હતા. અહીં મંજુરી વગર દરિયામાં માછીમારી કરવા મુદ્દે જાફરાબાદ મરીન પોલીસે બોટના ટંડેલ અને જાફરાબાદમાં રહેતા ભરત નાથાભાઈ બારૈયા (ઉ.વ.૫૦), હિતેષ રાણાભાઈ સોલંકી (ઉ.વ.૩૬), રૂદ્રાક્ષ નરેશભાઈ સોલંકી (ઉ.વ.૨૧), સંજય શંકરભાઈ બાંભણીયા (ઉ.વ.૨૬), હરેશ નાથાભાઈ બારૈયા (ઉ.વ.૩૮) અને મના જેઠાભાઈ બારૈયા (ઉ.વ.૪૧) સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે વધુ તપાસ જાફરાબાદ મરીન પોલીસના પીએસઆઈ એ.એમ.રાધનપરા ચલાવી રહ્યા છે.